Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

नैर्मल्यं म[illegible] च स्वपरहितकृते जायतेसत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५. } वीर सं. २४४४–अषाड. आत्म सं. २२ } अंक १२ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ પ્રાર્થના. ... ... | ૨૭૧ | ૬ | મુનિરાજોના ચાતુર્માસ. .. | ૨૯૭ |
| ૨ | નિદ્રા દરમ્યાન ચારિત્ર્ય બંધારણ. | ૨૭૨ | ૭ | ગ્રંથાવલોકન. ... ... | ૨૯૮ |
| ૩ | પન્યાસશ્રી દાનવિજયજી મહારાજનાં વ્યાખ્યાનો. ... ... | ૨૭૮ | ૮ | પ્રકીર્ણ. ... ... | ૨૯૯ |
| | | | ૯ | એક ઉદાર જૈનબંધુની સખાવત. | ૩૦૧ |
| ૪ | જૈન ઐતિહાસિક સાહિત્ય. ... | ૨૮૬ | ૧૦ | વર્તમાન સમાચાર. ... | ૩૦૧ |
| ૫ | મનુષ્ય દેહનું કર્ત્તવ્ય. ... | ૨૯૬ | ૧૧ | પુસ્તક પહોંચ. ... ... | ૩૦૨ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પદરમા વર્ષના અપૂર્વ ભેટ.

## ૧ શ્રી ગુરૂગુણાવલી, અને ૨ સમયસાર પ્રકરણ.

### ( ભાષાંતર. )

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા ફરજ લઇયે છીયે કે દરવર્ષ મુજબ આ વર્ષે પ્રત્યેક જૈનબંધુઓને પઠન-પાઠનમાં ઉપયોગી દ્રવ્યાનુયોગના આ બે ગ્રંથો-૧ શ્રી ગુરૂગુણાવળી અને ૨ સમયસાર પ્રકરણ ગ્રંથો અમારા કદરદાન ગ્રાહકોને આ વર્ષની ભેટ તરીકે આપવાનું પસંદ કરવામાં આવ્યું છે.

૧ પ્રથમ ગ્રંથ **ગુરૂગુણાવળી**-યાને ગુરૂગુણ **છત્રીશી** મૂળ સાથે રહસ્ય આપવામાં આવેલ છે. તેમાં એક ગાથા એ છત્રીશ ગુણવર્ણન એવી છત્રીશ છત્રીશી કે જે ૧૨૯૬ ગુણો થાય છે, તેનું અપૂર્વ વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. આ ગ્રંથમાં બતાવવામાં આવેલ સૂરિવરો ( ભાવાચાર્ય ) ના આ ઉત્તમોત્તમ ગુણો વાંચી કે સાંભળીને ભાવીકજનોના હૃદયમાં ઉત્તમ ભક્તિ પ્રગટે છે કે જે ભક્તિ તે એક અજબ વશીકરણ છે અને તે મુક્તિને પણ ખેંચી લાવે છે. આ અપૂર્વ ગ્રંથનું અધ્યયન કરવાથી અધ્યયન કરનાર દરેક મનુષ્યનું હૃદય તેવા ઉત્તમ ગુણ ગ્રહણ કરવા લાયક બને તેવો ઉત્તમ ગ્રંથ છે.

૨બીજો ગ્રંથ **સમયસાર પ્રકરણ**-જેમાં નવતત્ત્વનું સંક્ષિપ્ત પણ સરલ વર્ણન આપવામાં આવ્યું છે. સાથે સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રની ટુંકામાં આપેલ હકીકત તેના અભ્યાસીઓ ને-જ્ઞાનના ખપીઓને ઘણુંજ ઉપયોગી છે.

**આ બંને ગ્રંથો પૂર્વાચાર્યોની કૃતીના છે તે બંને મૂળ ગ્રંથો અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ છે અને તેનું સરલ અને શુદ્ધ ભાષાંતર કરવાનો શાંત મૂર્તિ પરમઉપકારી મુનિરાજશ્રી કપૂરવિજયજી** મહારાજે જૈનબંધુઓને લાભ આપવાની ઉપકાર બુદ્ધિથી આ સ્તુત્ય પ્રયત્ન કર્યો છે.

**હાલમાં ચાલતા મહાન યુદ્ધને લઇને કાગળો વીગેરે છાપવાના તમામ સાહિત્યની ઘણીજ હદ ઉપરાંત મોંઘવારી** છતાં **દરવર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ નિયમીત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર** અમોએ ચાલુ રાખ્યો છે-તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બ્હાર હશેજ નહિ.

બાર માસ થયાં ગ્રાહકો થઇ ' રહેલા ' અને તેમાં આવતા વિવિધ વિષયોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી લેશેજ, એમ-અમોને સંપૂર્ણ ભરોસો છે. **છતાં અત્યારસુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી૦ પી૦ જે ગ્રાહકોને પાછું વાળવું હોય, અથવા છેવટે બીજાં બ્હાનાં બતાવી વી૦ પી૦ ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું કે જેથી નાહક વી૦ પી૦ નો ખર્ચ નકામો સભાને કરવો પડે નહિ. તેમજ સભાને તથા પોસ્ટખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહિ. તેટલી સુચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

શ્રાવણ વદી ૧ થી અમારા માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના લેણા પુરતા પૈસાનું વી૦ પી૦ કરી દરવર્ષ મુજબ ભેટ મોકલવામાં આવશે **જેથી પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન નહિ કરતાં** દરેક સુજ્ઞ ગ્રાહક સ્વીકારી લેશે એવી વિજ્ઞપ્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

404

## પુસ્તક ૧૫ મું.

પુસ્તક ૧૫ મું. વીર સં૦ ૨૪૪૩-૪૪. આત્મ સં૦ ૨૨-૨૩. અંક ૧૨.

" सेव्यः सदा सद्गुरु कल्पवृक्ष. "

नैर्मल्यं मानसं च स्वपरहिकृते जायतेसत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुध्धो ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥ १ ॥

પ્રગટકર્ત્તા,
શ્રી જૈન આત્માનંદ સભા-
ભાવનગર.

વીર સંવત્ ૨૪૪૩-૪૪ આત્મ સંવત્ ૨૨-૨૩ વિક્રમ સંવત્ ૧૯૭૩-૭૪

વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૦-૦ (પોષ્ટેજ ૦-૪-૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક—અનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટાંક. |
|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ... | ૧. |
| ૨ | ગુરૂસ્તુતિ. | ૨, ૧૨૭. |
| ૩ | આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આર્શિવચન.... | ૨. |
| ૪ | અભિનવ વર્ષના ઉદ્ગારો. | ૨. |
| ૫ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | ૮, ૨૯, ૭૮. |
| ૬ | જૈનશાળાના શિક્ષકો કેવા હોવા જોઈએ ? | ૧૪. |
| ૭ | આશક્તિરહિત કર્મ. | ૧૫, ૩૪, ૮૯. |
| ૮ | ચારૂપતિર્થનું લવાદથી સમાધાન.... | ૨૨. |
| ૯ | વર્તમાન સમાચાર. | ૨૩, ૧૦૧, ૧૨૨, ૧૪૮, ૧૭૨, ૧૯૮, ૨૨૨, ૨૪૫, ૨૭૦. |
| ૧૦ | ગ્રંથાવલોકન—પુસ્તપહોંચ. | ૨૬, ૬૯, ૧૨૫, ૧૪૯, ૨૯૮. |
| ૧૧ | સાંવત્સરીક ક્ષમાપના. (કવિતા) | ૨૭. |
| ૧૨ | શ્રી વીર પ્રબોધક. ( કવિતા ) | ૨૮. |
| ૧૨ | પંદરમા વર્ષમાં પ્રવેશ. | ૪૩. |
| ૧૩ | જૈન એશોસીએસનને કેળવણીની ઉન્નતિ અર્થે નરોત્તમ બી શાહનો પત્ર. | ૪૮. |
| ૧૪ | આવશ્યક સુચના. | ૫૦. |
| ૧૫ | મુનિમહારાજાઓને જાહેર વિનંતિ.... | ૫૨. |
| ૧૬ | પ્રભુસ્તુતિ. (કવિતા). | ૫૩, ૧૨૭, ૧૭૫, ૨૨૩, ૨૪૭, ૨૭૧. |
| ૧૭ | ભવબાજી. ( કવિતા ). | ૫૪. |
| ૧૮ | પ્રશ્નોતર રત્નમાલિકા. | ૫૫. |
| ૧૯ | ભાગ્ય અને કર્મ. | ૫૭. |
| ૨૦ | જૈનોમાં પોતાની ઉન્નતિ અર્થે શું ઐકયતાની જરૂર છે ? | ૬૨. |
| ૨૧ | શાસ્ત્રબોધ. | ૬૭. |
| ૨૨ | પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજે ગાયકવાડ સરકાર પાસે આપેલાં ભાષણો. | ૭૦, ૧૬૭, ૧૭૬, ૨૨૦, ૨૪૧, ૨૬૨ ૨૭૮. |
| ૨૩ | બાબુ બદ્રિદાશજીનો સ્વર્ગવાસ. | ૭૫. |
| ૨૪ | પરમાત્માને શરણે. ( કવિતા ).... | ૭૭. |
| ૨૫ | મનુષ્ય કર્તવ્ય. ( કવિતા ).... | ૧૦૩. |
| ૨૬ | દયાધર્મ માટે આપ્તપુરૂષોનો ઉપદેશ. | ૧૦૪. |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૭ અનિત્યત્વ. .... .... .... .... .... .... ૧૦૫.
૨૮ એક પ્રાચીન જૈનમુનિનું ઉચ્ચ ચારિત્ર જીવન. .... .... ૧૧૬.
૨૯ વાંચનદ્વારા શિક્ષણ. ... .... .... .... ૧૨૮, ૧૫૨.
૩૦ કલકતામાં મળેલી ૧૧ મી જૈન શ્વેતામ્બર કોનફરન્સ. ... ૧૩૪.
૩૧ મનુષ્ય જીવનનું રહસ્ય પ્રાપ્ત કરવા પ્રભુ પ્રાર્થના. (કવિતા). .... ૧૫૧.
૩૨ આપણી જૈનોની વર્તમાન સ્થિતિ અને કર્તવ્ય. .... .... ૧૫૯.
૩૩ વિતરાગ પ્રણિત પવિત્ર ધર્મ માર્ગ. .... .... .... ૧૬૮.
૩૪ જૈન કોમ. .... ... .... .... .... .... ૧૭૦.
૩૫ જન્મ્યાથી ન જન્મ્યા ભલા કોણ. ( કવિતા ) .... .... ૧૮૩.
૩૬ લોકપ્રિય થવાની કળા. .... .... .... ૧૮૪, ૨૦૮.
૩૭ શ્રી આદિનાથ સ્તવન સરહુસ્ય. ( કવિતા ) .... .... ૧૯૧.
૩૮ જૈનોએ પોતાની ઉન્નતિ સાથે શું કરવાની જરૂર છે? .... .... ૧૯૩.
૩૯ શ્રી સુક્તારત્નાવલી રહસ્ય. .... .... ૧૯૬, ૨૧૮, ૨૬૬.
૪૦ સમ્યક દર્શન પદ સ્તુતિ ( કવિતા ) .... .... ૧૯૯.
૪૧ શ્રી શત્રુંજય તીર્થનો પરિચય. .... ... ૨૦૦, ૨૨૯, ૨૫૫, ૨૮૬.
૪૨ વીવેક બુદ્ધિનો વિનિપાત. .... .... .... .... ૨૧૪.
૪૩ એક સુધારો. .... .... .... .... .... ૨૨૨.
૪૪ આત્મસુધારણા. .... .... .... .... ૨૨૪, ૨૪૯.
૪૫ ઉપદેશક પદ. ( કવિતા ) ... .... .... .... ૨૨૯.
૪૬ મનુષ્ય જીવનનો. .... .... .... .... .... ૨૩૮.
૪૭ સ્વર્ગવાસી ગુરૂરાજશ્રી આત્મારામજી મહારાજની જયંતિ પ્રસંગનું પદ્ય. ૨૪૮.
૪૮ સદ્બોધ. ( કવિતા ) .... .... .... .... ૨૫૯.
૪૯ વિનયના વિવિધ પ્રકાર. .... .... .... .... ૨૬૦.
૫૦ શ્રી જૈન આત્માનંદ સભાનો ૨૨ મો વાર્ષિક મહોત્સવ
અને સૂરિશ્વરશ્રી વિજયાનંદસૂરિની જયંતિ..... .... .... ૨૬૮.
૫૧ નિદ્રા દરમ્યાન ચારિત્ર બંધારણ. .... .... .... ... ૨૭૨.
૫૨ પૂજ્યપાદ આત્મારામજી મહારાજના પરિવાર મંડળના ચાતુર્માસ. ૨૯૬.
૫૩ પ્રકીર્ણ. .... .... .... .... .... ....૨૬૮, ૨૯૯.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १५ ] वीर संवत् २४४४, अषाड आत्म संवत् २३. [ अंक १२ मो.

## प्रभु प्रार्थना.

### શિખરિણી.

અમારી વાણીમાં, નિશદિન પ્રભો સત્ય મુકજો,
મતિ સારી દેજો, હિતકર પથે દાસ વહજો;
સ્વધર્મે સુ પ્રીતિ, વિમુખ અપકૃત્યોથી કરજો,
સ્વીકારો પર્માત્મન્, શિશુજનની આ નમ્ર ભિખ જે.

વિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નિદ્રા દરમ્યાન ચારિત્ર્ય બંધારણ.

( લે૦—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ. )

"However discordant or troubled you may have been during the day, do not go to sleep until you have restored your mental balance, until your faculties are poised and your mind serene."

(દિવસના ભાગમાં તમે ગમે તેટલા અસ્વસ્થ અથવા શ્રમિત થયા હો તો પણ જ્યાંસુધી તમે માનસિક સમતોલપણું પુનઃ પ્રાપ્ત ન કર્યું હોય, જ્યાં સુધી તમારી શક્તિઓ સમતોલ ન થાય અને તમારૂં મન શાંત થાય નહિ ત્યાં સુધી નિદ્રા લેવી જોઇએ નહિ. )

માનસશાસ્ત્રાભિજ્ઞોની સબળ માન્યતા છે કે સૂવા જતી વખતે મનની જે ક્રિયાઓ ચાલતી હોય છે અને મનની જે પ્રવૃત્તિ હોય છે તે નિદ્રામાં પણ ચાલુ જ રહે છે. નિદ્રિત થયા પહેલાં મન ઉપર અમલ ચલાવનારી આ ક્રિયાઓ આપણી સુપ્ત અવસ્થામાં દીર્ઘકાળ પર્યંત અમલ ચલાવવાનું ચાલુ રાખે છે. તદુપરાંત તેઓનું એમ પણ માનવું છે કે કરચલીઓ તેમજ વૃદ્ધાવસ્થાના બીજા ચિહ્નો જાગ્રત અવસ્થામાં તેમજ નિદ્રામાં સરખી ત્વરાથી ઘડાય છે. આ એમ સૂચવે છે કે નિદ્રિત થતી વેળાએ મનની જે સ્થિતિ હોય છે તેની શરીર સબળ ઉપર સત્તા ચાલે છે.

હજારો ધંધાદ્વારી પુરૂષો અને સ્ત્રીઓ દિવસના ભાગમાં એટલા બધા પ્રવૃત્તિશીલ રહે છે, એવું અસ્વાભાવિક જીવન ગુજારે છે કે તેઓ નિવૃત્ત થયા પછી વિચાર કરવાને પણ અટકી શકતા નથી; જેથી નિદ્રા ચાલી જાય છે. અથવા તો સંપૂર્ણ માનસિક પરિશ્રમ પછી જ નિદ્રા આવે છે. આ લોકો પોતાના ધંધા રોજગારના પ્રશ્નો ઉકેલવામાં એટલા બધા મશગુલ રહે છે કે આરામ અથવા વિશ્રાંતિ લેવાની રીતથી તેઓ કેવલ અનભિજ્ઞ હોય છે. આથી કરીને જેમ એક થાકીને લોથ થઇ ગયેલ ઉંટ પોતાની પીઠ પર સર્વ ભાર સહિત રણની અંદર પડયો રહે છે તેમ આ લોકો પોતાની સર્વ ચિંતાઓના ભાર સહિત નિદ્રાધીન થવા પથારીમાં પડે છે. આનું પરિણામ એ આવે છે કે સુખપ્રદ નિદ્રાથી નવીન ચૈતન્ય અને બળની ઉપલબ્ધિ થવાને બદલે તેઓ સવારમાં ઉત્થિત થાય છે ત્યારે કંઇક વિશેષ પ્રમાણમાં શ્રાંત અને વૃદ્ધ થયા હોય એમ જણાય છે. ખરૂં જોતાં તેઓએ શકિત અને ચૈતન્યના ઉદ્ધર્ત સહિત, નૂતન ઉત્સાહ પૂર્ણ અને દિવસે કરવાના કાર્યને માટે નવું બળ પ્રાપ્ત કરી પથારીમાંથી ઉત્થિત થવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રમિત કરે એવી અને માનસિક અવ્યવસ્થા ઉપજાવે એવી ક્રિયાઓ જે આપણે નિદ્રાધીન થઇએ છીએ ત્યારે ચાલે છે અને જે આપણી નિદ્રિત સ્થિતિમાં ચાલુ રહે છે તેના પ્રાબલ્યને લઇને ટુંક વખત લીધેલી નિદ્રાથી થતા લાભ દબાઇ જાય છે-નિષ્ફલ થાય છે. નિદ્રાદરમ્યાન મન નિરામય અને ઉન્નત બનાવે તેવું કાર્ય કરી શકે એમ મનને તૈયાર કરવાની અગત્ય છે એમ આ બધાથી સૂચિત થાય છે. શરીર કરતાં મનને નિદ્રા માટે તૈયાર કરવું એ વધારે અગત્યનો વિષય છે. શારીરિક શુદ્ધિ-વિશ્રાંતિ કરતાં માનસિક શુદ્ધિની વિશેષ આવશ્યકતા છે. આ માટે પ્રથમ એ કરવાનું છે કે જે પીડાકારક અને કલેશોત્પાદક સત્તાઓનું પ્રાબલ્ય દિવસના ભાગમાં આપણા પર ચાલતું હોય તેનાથી રહિત થવા યત્ન કરવો જોઇએ. મનોગૃહને શુદ્ધ કરવું જોઇએ, અને જે નિરાશાજનક વિષમ ચિત્રોએ આપણા મનોગૃહને મલીન બનાવ્યું હોય તેને નષ્ટ કરી રાત્રિ માટે તેજસ્વી, આહ્લાદક અને ઉત્તેજક ચિત્રોને તેમાં સ્થાન આપવું જોઇએ.

કોઇ પણ સંયોગોમાં સ્વભાવની અથવા મનની નિરાશ, ખિન્ન અને ઉદાસ સંસ્થિતિમાં નિદ્રાવશ થવા યત્ન ન કરો. ક્રોધ, શોક, ઇર્ષ્યા, અસૂયા જેવા માનસિક શાંતિ અને સ્વાસ્થ્યના શત્રુઓનો બહિષ્કાર કરો. તમારા મનમાં બીજાને માટે સેવેલા ઇર્ષ્યાળુ નિર્દય વિચારો સહિત નિદ્રાધીન થવાને લલચાઓ નહિ. ક્રોધના આવેશમાં હોઇએ ત્યારે બીજાના પ્રતિ ઇર્ષ્યાયુક્ત લાગણી રાખવી એજ પુરતું છે; પરંતુ આવેશના ઉભરો શાંત થયા પછી મનની આ પ્રકારની સ્થિતિ ઇરાદાપૂર્વક દીર્ઘ સમય સુધી સતત્ શરૂ રાખવી અને આપણી નિદ્રાને બગાડવી એ કોઇ પણ રીતે ઉચિત નથી. આમ કરવાથી આપણે ઘણું ગુમાવીએ છીએ. જીવન અત્યંત અલ્પ હોવાથી સમય એટલો બધો કિંમતી છે કે જીવનને અલાભકારક અને આરોગ્યને હાનિ પહોંચાડનાર વિચારોનું સેવન કરવામાં તે સમયનો કોઇ પણ ભાગ આ રીતે ગાળવો જોઇએ નહિ. ચોવીશ કલાકમાં કંઇ નહિતો ફક્ત એક વખત તો જગતની સાથે શાંતિથી રહો. સુખ અને નિવૃત્તિના રિપુઓ તેઓની મૂર્તિને નિદ્રા દરમ્યાન તમારા ચારિત્ર્યમાં વધારે અને વધારે ઉંડી સ્થાપે એ બિલકુલ ઇષ્ટ નથી તે સર્વને ભુંસી નાંખો. તે સર્વનો ઉચ્છેદ કરો. અને હમેશાં સ્વચ્છ હૃદય સપાટિ સહિત જાગ્રત થાઓ.

દિવસના ભાગમાં અન્ય લોકોની સાથે વર્તવામાં જો તમે કદાચિત્ ક્રોધ, મૂર્ખતા, દુષ્ટતા બતાવ્યા હોય, જો તમે બીજા માણસો તરફ વૈરભાવથી અથવા ઇર્ષ્યાથી વર્ત્યા હો તો તે સર્વ મલીનતા દૂર કરી તમારા મનોગૃહને સ્વચ્છ કરો. પીડાકર અને ખેદજનક વિચારોને દૂર કરવાનું કાર્ય તમને કઠિન લાગતું હોય તો કોઇ સારૂં, નવીન ઉત્સાહ અને બળ રેડે એવું પુસ્તક વાંચવાની તમારી જાતને જરૂર પાડો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આથી કાર્યની કઠિનતા દૂર થશે. એટલુંજ નહિ પરંતુ તમારી પ્રકૃતિ સ્વસ્થ બનશે, તમને જીવનનું સત્ય સૌંદર્ય અને રહસ્ય સ્પષ્ટત: સમજાશે અને તમારા હૃદયમાં તમારી ક્ષુલ્લકતા માટે તમારા સંકુચિત અસદ્વિચારોને માટે શરમની લાગણી ઉત્પન્ન થશે.

મહાન આશાઓના સ્વપ્નોથી અને આનંદપ્રદ સ્મૃતિઓથી તમારા મનોગૃહને અલંકૃત કરો. સુખ, સંપત્તિ વા સત્તાથી સમન્વિત–જેવી તમારી જાતને કરવા ઇચ્છતા હો તેનું કાલ્પનિક દૃશ્ય રચો. ચારિત્ર્યનું જે આદર્શ તમારી દૃષ્ટિમાં ઉત્કૃષ્ટ અને ઉત્તમ હોય, જે પ્રકારનું વ્યક્તિત્વ પ્રાપ્ત કરવાની તમે પ્રબળ અભિલાષા રાખતા હો તેના વિચારોને નિરંતર સંપૂર્ણ, સાગ્રહ દૃઢતાથી વળગી રહો. આવા સુંદર, શ્રેષ્ટ જીવનના રમ્ય ચિત્રોનો નિદ્રાવશ થવા પૂર્વે અભ્યાસ કરવાની ટેવથી તમારામાં તેનો આવિષ્કાર થશે. આ પ્રમાણે સ્હેજ ટેવ પડયા પછી તમે કેટલી ત્વરાથી અને કેટલી પૂર્ણતાથી તમારી માનસિક વૃત્તિને બદલી શકો છો એ જોઇ, ખરેખર, આશ્ચર્ય થશે.

એક વ્યાપારકુશલ માણસે મને થોડા વખત પહેલાં કહ્યું કે "પથારીમાં પડયા પછી અનેક તરેહના વિચારો કરવાનું હું અટકાવી શકતો નથી એ મારામાં મહાન અવગુણ છે." આ માણસ દિવસે એટલો બધો પ્રવૃત્તિશીલ રહે છે અને એટલું સખ્ત કામ કરે છે કે તેનું આખું માનસિક બંધારણ શિઘ્રગ્રાહી અને ધૈર્યહીન થઇ ગયું છે, અને તેનું મગજ જેટલી તિવ્રતાથી દિવસે કાર્ય કરે છે તેટલીજ તિવ્રતાથી નિદ્રાધીન થયા અગાઉ અને પછી કાર્ય કર્યે જાય છે. આ રીતે તે પુરેપુરી નિદ્રા લઈ શકતો નથી, અને એવી અવ્યવસ્થિત સ્થિતિમાં તેને જે કંઇ લાભ થાય છે, અથવા જે કંઇ શાંતિ પ્રાપ્ત કરે છે તેનો બીજે દિવસે વ્યય થઇ જાય છે. મેં તેને દુકાનનું બારણું બંધ કરે તેજ ક્ષણે વ્યાપારી મગજનું બારણું બંધ કરવાની નિત્યક્રિયા કેળવવાની ભલામણ કરી. અને કહ્યું કે "જેવી રીતે સાયંકાળે ઘેર જઇ તમે વસ્ત્રો બદલો છો તે મુજબ દિવસના કાર્યમાંથી મુકત થયા પછી તમારા વિચારોના પ્રવાહને અન્યદિશામાં વાળવાને આગ્રહ પૂર્વક યત્ન કરો. તમારા પત્નિ અને બાળકો સાથે રસપડે તેવી ગોષ્ટિથી અને વાર્તા વિનોદથી આનંદ મેળવવામાં મનને રોકો; અથવા તેઓની સાથે કંઇ રમત રમવામાં પ્રવૃત્ત થાઓ, કોઇ હાસ્યજનક વિનોદનશીલ પુસ્તક વાંચો; અથવા એવું રસિક પુસ્તક વાંચો જેનાથી તમે વ્યાપાર વિષયક વિચારો વિસરી શકો; ખુલ્લી હવામાં લાંબા વખત સુધી ફરો; સ્વચ્છ, મધુર, તાજી હવાથી તમારા ફેફસાંઓને ભરો; તમારી આજુબાજુ દૃષ્ટિ ફેરવ્યા કરો અને કુદરતના સૌંદર્ય ભરેલા મનોહર દૃશ્યોનું અવલોકન કરો, અથવા કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી પ્રિય વસ્તુ પસંદ કરી રાખો કે જે વ્યવહારિક કાર્ય પૂર્ણ થયા પછી તમને આરામ અને આનંદ આપનાર થઇ પડે. તમારા મન પર પ્રભુત્વ પ્રાપ્ત કરો. તમારા મનને તમારા પર પ્રભુત્વ ભોગવવાની છુટ આપવાને બદલે તમે તેને અંકુશમાં રાખતાં શીખો. તમારા શયનગૃહમાં જે સ્થળે તમારી દષ્ટિ વાંરવાર પડતી હોય ત્યાં મોટા અક્ષરે “ No Thinking Here ” ( અહિંઆ કંઇ વિચાર કરવો નહિ ) એ મુદ્રાલેખ લખી રાખો. જ્યારે તમે નિદ્રા લેવાની તૈયારી કરો ત્યારે દરેક પ્રકારના વિચારની ગતિને રોકો, શરીર અથવા મન ઉપર કોઇપણ જાતનો ભાર ન રહેવા દો; અને અલ્પ સમયમાં તમે જોશો કે જેટલી સ્હેલાઇથી અને કુદરતી રીતે બાલકને નિદ્રા આવે છે તેટલી સ્હેલાઈથી અને તેજ રીતે તમને નિદ્રા આવે છે. અને તે નિદ્રા બાળકની નિદ્રા જેટલીજ મધુર અને શ્રમહર છે એમ તમને માલુમ પડશે.

આ માણસના જેવી જે લોકોના મનની સ્થિતિ રહેતી હોય તે સર્વને માટે આ વચનો હિતકર અને લાભાવહ છે. કેમકે આ રીત્યાનુસાર વર્તવાથી ઉકત મનુષ્યને અનન્ય લાભનો અનુભવ થયો છે. આપણે નિદ્રાવશ થઇએ તે પહેલાં મનોગૃહનો દરવાજો બંધ કરવાને, પોતાનાપર સંયમ રાખવાને, અનંત શકિત સાથે એકતાલ થવાને દ્વેષ, ઇર્ષ્યા અને ગ્લાનિ સમાન આપણી શાંતિ અને નિવૃત્તિના અંતરાયકારક શત્રુઓનો સંહાર કરવાને શકિતવાન થવું એ એક પ્રકારની મહાન કળા છે–એક પ્રકારનું અજબ નૈપુણ્ય છે; પરંતુ તે એવી કળા છે જે સર્વને પ્રયાસથી ઉપલબ્ધ થઇ શકે એમ છે. વિચારથી, વાંચનથી અથવા આનંદદાયી સામાજીક વાતાવરણથી વિષમભાવનાઓપર જીત મેળવીને અને પ્રતિબંધક શત્રુઓનું ઉન્મૂલન કરીને મુખપર હાસ્યની છટા સહિત નિદ્રાધીન થવાનું સર્વને માટે સરખી રીતે સંભવિત છે. શાંત માનસિક સંસ્થિતિમાં નિદ્રા લેવાયલી હોય છે તો પ્રભાતમાં ઉત્થાન સમયે આપણે જાણે કે કોઇ વિલક્ષણ ચૈતન્ય અને જીવનની પ્રાપ્તિ કરી હોય'એવો સાશ્ચર્ય આનંદાનુભવ થાય છે. સૂતી વખતે મનની ધર્મનિષ્ઠ સ્થિતિ અત્યંત મૂલ્યવતી છે જેટલે દરજ્જે તેનાથી મન શાંત થાય છે, ભયપ્રદ વા ચિંતાતુર વિચારોનો વિલય થાય છે, અને તે ઉચ્ચતર ઉમદા વિચારોની સાથે એક કરે છે તેટલે દરજ્જે ઉપરોક્ત સ્થિતિ મૂલ્યવતી ગણાય છે. શાંતિકર આરોગ્યદાયક, સુખપ્રદ નિદ્રા માટે મનને તૈયાર કરવાને આગ્રહપૂર્વક પ્રયત્ન કરવાથી તમારી યુવાવસ્થા લાંબા સમય સુધી ટકી રહેશે અને તમે દીર્ઘાયુષ્યવાન થવા સુભાગી થશો. આ કરતાં વિશેષ અગત્યની વાત એ છે કે તેનાથી તમારા આરોગ્ય પર અને તમારા ચારિત્ર્યપર સુંદર અને ચિરકાળ નભી શકે તેવી અસર થશે. જે વિષમ ભાવનાઓ, ભૂલો, વૈરભાવ, તિરસ્કાર આદિ સર્વત્ર અંધકાર અને ગ્લાનિ પ્રસરાવે છે તે સર્વનો નિદ્રાધિન થયા પહેલાં મનોગૃહમાંથી લોપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની ટેવથી મનની અંદર તેજસ્વી દશ્યો–ચિત્રોને ધારણ કરવાની ટેવથી અને ઉમદા સદ્વિચારોનું સતત સેવન કરવાની ટેવથી યોગ્ય અવસર વ્યતીત થતાં તમારાં આખા જીવનમાં મહાન પરિવર્તન થઈ ગયું છે, એવી સ્ફુટ પ્રતિતી થશે.

બાહ્ય સૃષ્ટિ અને તેની અનેક બાધાકારક સ્થિતિઓનો અભાવ હોય છે ત્યારે આપણને સમજવામાં આવે છે કે આપણી અંદર કોઇ મહાન શક્તિ નિગૂઢ રહેલી છે અને ઉક્ત શકિત પ્રોત્સાહનની ગ્રહણશકિત ધરાવે છે. નિદ્રા દરમ્યાન આપણા મનમાં જે પ્રવૃત્તિ–ક્રિયા ચાલી રહે છે તેનો આપણને બહુ ઓછો ખ્યાલ આવે છે. “હું આ પ્રશ્નનું નિરાકરણ નિદ્રામાં કરીશ” એ વાકયમાં અતિ ગુઢ રહસ્ય રહેલું છે. તેનું સત્ય રહસ્ય જાણ્યા વગર આપણને પ્રતીતિ થાય છે કે નિદ્રા દરમ્યાન કોઇ ચમત્કારિક રીતે અનેક સંદિગ્ધ પ્રશ્નોનું નિરાકરણ થઇ જાય છે. નિદ્રા અગાઉ જે પ્રશ્નોનું નિરાકરણ કરવામાં ઘણાંજ પ્રવૃત્ત થયાં હોઇએ છતાં કંઇ નિર્ણય પર ન આવી શકાયું હોય તેવા પ્રશ્નોને પ્રભાતમાં કંઈ જુદા રૂપમાંજ આપણે જોઇએ છીએ. શાંત નિદ્રા પછી અનેક પ્રશ્નો આમ નિરાકૃત થયલા જોઇ કેટલીક વખત આપણને તે અસંભવિત લાગે છે અને નિરાકરણ સંબંધે શંકાયુક્ત તર્કો બાંધીએ છીએ; પરંતુ આપણા ગુહ્ય માનસિકત્વમાં એવું કંઈક છે જેના બળે આપણી સુખાવસ્થામાં દુર્ઘટ પ્રશ્નોનું નિરાકરણ થઇ જાય છે, જે પ્રશ્નોનું શોધન કરવામાં આપણને જાગ્રત અવસ્થામાં ઘણી મગજમારી કરવી પડી હોય છે. ઘણી વખત મહાન ગણિતશાસ્ત્રીઓ, વિજ્ઞાનવાદિઓ, અને ખગોળવેત્તાઓ પોતાની મતિ દિવસ દરમ્યાન જે કઠિન પ્રશ્નોનો પાર પામી શકી ન હોય એવા પ્રશ્નો નિદ્રા દરમ્યાન પ્રત્યક્ષ પ્રયત્ન વગર નિરાકૃત થયલા જોઈને અનહદ આશ્ચર્ય પામ્યા છે.

આપણી નૈતિક કેળવણીનો અને ચારિત્ર્ય બંધારણનો મોટો ભાગ નિદ્રામાં છુપી રીતે ઘડાય છે એ નિ:સંદેહ વાર્તા છે; અને આપણે નિદ્રાધિન થઇએ છીએ ત્યારે જે ક્રિયાઓ મગજમાં ચાલતી હોય છે તે રાત્રિમાં પણ ચાલુ રહે છે, એ મહત્વની વાત પર કેળવણી અને ચારિત્ર્ય બંધારણના સિદ્ધાંતો રચાયલા હોવાથી આ નિગુઢ શક્તિનું સત્ય દિશામાં વહન થવાથી જે ચમત્કારભર્યાં પરિણામો નિપજે છે તે આપણા સમજવામાં સત્વર આવી શકે છે.

રાત્રે નિવૃત્ત થતી વખતે આત્મ–નિરીક્ષણ કરવાની નિયમિત નિત્ય ક્રિયાથી પોતાની જાતને સુધારવામાં ઘણા લોકોએ ચમત્કારીક પરિણામ મેળવ્યું છે. ચીડીયા સ્વભાવને તેમજ બીજા અનેક પ્રતિકુળ દોષોને ઘણા લોકો આ પદ્ધતિનું અનુસરણ કરવાથી વશ કરી શકયા છે. નિરામય ઓજસપૂર્ણ અને બલવાન આદર્શને ધારણ કરવાની ટેવ ખાસ કરીને વયોવૃદ્ધ પુરૂષોને માનસિક તથા આત્મિક વિશ્રાંતિમાં અત્યંત સહાયભૂત બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો આપણે દારિદ્રયના ચક્ર તળે ચગદાતા હોઇએ તો નિદ્રાવશ થયાં પહેલાં આપણે એવા વિચારો કરવા જોઇએ કે જીવનની જરૂરીયાતો અને આનંદપ્રદ પ્રસંગો પુરતાં પ્રમાણમાં મળવાનું સર્વને માટે નિયત થયેલું છે. દારિદ્રયના હીન વિચારોને મનમાં સ્થાન આપવાને બદલે સંપત્તિ અને ઐશ્વર્યની ઉચ્ચ ભાવના ભાવવી જોઇએ. આમ કરવાથી આપણા મનની અંદર રહેલી ગુઢ શક્તિ આપણી ઇચ્છિત અને જરૂરની વસ્તુઓને આપણા પ્રતિ આકર્ષિ લાવશે. આપણામાં જે કંઇ દુષણ હોય તેનાથી વિરૂદ્ધ વિચારોને–ભાવનાને નિદ્રાવશ થયા પૂર્વે મનમાં દૃઢતા શ્રદ્ધા પૂર્વક સ્થાન આપવું જોઇએ; જેથી જે વસ્તુ પ્રાપ્તિને માટે આપણને તિવ્ર આકાંક્ષા હોય છે તે આપણા તરફ સ્વતઃ આકર્ષાય છે. કોઈપણ દૂષણનો પરાજય કરવા ઇચ્છા હોય તો જે સંપૂર્ણતા, જે સદ્ગુણો પ્રાપ્ત કરવાની આપણને પ્રબળ ઇચ્છા હોય તેના જ વિચારો કરવા જોઇએ; કેમકે તદનુસાર કરવાથી ખરાબ સ્વભાવ સ્વાર્થપરાયણતા, ધૂર્તતા અને સર્વ પ્રકારના દૂષણોનું ઉન્મૂલન કરી શકાય છે. આ ચિકિત્સા ખાસ કરીને ન્હાનાં બાળકોપર તત્કાળ અસર કરે છે. આનું કારણ એ છે કે તેઓના મનની અંદર રહેલ ગૂઢ શક્તિ વધારે ચંચળ હોય છે, અને નિદ્રાધીન થયા પછી તરતજ તેની ક્રિયા વધારે વેગવતી હોય છે. આ સમયે જે સત્યો–બોધક સૂત્રો ઠસાવવામાં આવે છે તે તેને ત્વરાથી યાદ રહી શકે છે. વર્તમાન સમયમાં નિદ્રિત અવસ્થામાં માનસિક ભાવનાઓથી ઘણા બાળકોમાં અદ્ભુત સુધારો થવાનું કહેવામાં આવે છે. આવી ભાવનાના સાધનદ્વારા ન્હાનાં બાળકોની માંદગીમાં કરેલી સારવારથી સાબીત થાય છે કે જ્યારે બાળક નિદ્રિત અથવા અર્ધનિદ્રિત સ્થિતિમાં હોય છે ત્યારે આ ગુહ્ય શક્તિ પર ઘણી સુગમતાથી સત્તા ચલાવી શકાય છે. બાળક બ્હીકણ હોય તો નિદ્રા દરમ્યાન તેની માતા તેના મનમાં ભય વિરૂદ્ધ વિચારો મુકીને જે વસ્તુઓથી બાળક ભયભીત થતો હોય તેનો પરાજય કરી શકે છે અને વિશ્વાસ તથા હિંમતનું સિંચન કરી શકે છે. બાળક દુર્બળ, પ્રકૃતિ કોમળ, અથવા રોગી હોય તો માતા નિરામયતા અને બળવાનપણાની ભાવના ભાવીને બાળકને નિરોગી અને બળવાન બનાવી શકે છે. નિશાળમાં બાળક અભ્યાસમાં પછાત રહી જાય, અથવા પરીક્ષામાં નિષ્ફળ થાય તો વિજય અને પ્રગતિની ભાવનાથી તેના હૃદયમાં શ્રદ્ધા અને આશાનું સિંચન અદ્ભુત અસર ઉત્પન્ન કરશે. જ્યારે પોતાનું બાળક નિદ્રાદેવીના ખોળામાં રમતું હોય છે ત્યારે જો માતા તેની સાથે તેના હિતની વાતો કરે છે તો તે માતાની હિતશિક્ષાનું ધ્યાનપૂર્વક અને સંપૂર્ણ શાંતિથી શ્રવણ કરે છે. જે સુજ્ઞ માતા પોતાના બાળકો તરફ આ પ્રકારની સઘળી સદ્ભાવનાઓ ભાવે છે તેઓને બાળકોના સ્વભાવમાં કંઇ અવનવું પરિવર્તન જણાયા વગર રહેતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ન્હાના જીવનમાં શ્રદ્ધા, આશા, પ્રેમ, આનંદ, હિંમત, સ્વાશ્રય અને પવિત્રતા આદિ ઉચ્ચતમ ગુણો રેડવાથી દરેક માતા પોતાના બાળકના સ્વભાવ અને જીવનમાં ચકિત કરી નાંખે એવું પરિવર્તન કરી શકે છે. ભવિષ્યમાં એવો સમય આવશે કે જ્યારે પ્રત્યેક માતા પોતાના બાળકનું ચારિત્ર ઘડવામાં સદ્ભાવનાની અગત્ય સમજી શકશે. માનસિક ભાવનાથી કેવા ઉત્તમ પરિણામો નિષ્પન્ન થાય છે તે હાલ માત્ર થોડા લોકોનેજ વિદિત છે; પરંતુ આગામી યુગમાં તેની ચારિત્ર ઘડવાની અને જીવનમાં અવનવું પરિવર્તન કરી નાંખવાની શક્તિથી ભાગ્યેજ કોઇ અજ્ઞાત રહેશે.

જો તમે આ માનસિક ભાવનાની અજમાયશ ન કરી હોય તો આજથી તેનો ઉપક્રમ કરો. મને વિશ્વાસ છે કે અત્યલ્પ સમયમાં નિદ્રાધીન થયા પહેલાં પવિત્ર સદ્વિચારોથી મનને ભરવાની નિશ્ચલ ટેવના સુંદર પરિણામોથી તમને અનુપમ હર્ષ અને આશ્ચર્યનો અનુભવ થશે. વળી ચિંતા, ખેદ, ઇર્ષ્યા વિગેરે બુદ્ધિના આલરણોથી મનને રહિત કરવાથી અને જે વસ્તુઓ મેળવવાને તમે નિરંતર મથો છો તે તમારી થવાથી તમને અનનુભૂત સંતોષ અને આનંદ થશે. આજથી એવો દૃઢ સંકલ્પ કરો કે " નિદ્રા લેતી વખતે મારા મનમાં કોઇ પણ શ્યામ મૂર્તિને સ્થાન આપીશ નહિ; પરંતુ માત્ર સુંદર ચિત્રો અને પ્રત્યેક પ્રાણી તરફ દયાભાવના વિચારોને સ્થાન આપીશ; મારા મનમાં નિષ્ફળતાના, દારિદ્રયના અથવા વિષમતાના વિચારો પ્રવેશ કરી શકશે નહિ; પરંતુ જે કંઈ તેજસ્વી, આનંદપ્રદ, આશાયુક્ત, પ્રોત્સાહક, ઉપયોગી અને ઉત્કૃષ્ટ છે તેનાથી જ મારૂં મનોગૃહ દીપાવીશ. "

इति शुभम् .

## પંન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજે વડોદરા નરેશ સમક્ષ આપેલ

# ભાષણો.

( ગતાંક પૃષ્ઠ ૨૬૬ થી શરૂ. )

### ॥ સૌમ્ય પ્રકૃતિનામા બત્રીશમા ગુણનું સ્વરૂપ. ॥

' ક્રૂર ' સ્વભાવ રહિત પુરૂષના અંતઃકરણમાં સૌમ્ય ગુણનો વાસ થઇ શકે છે, અને તે સૌમ્ય પ્રકૃતિવાળો પુરૂષ પોતાના તથા બીજાના આત્માને પણ શાંત ગુણની ઉત્પત્તિમાં સાધનભૂત છે, કહ્યું છે કેઃ—

पयइ सोमसहावो, न पावकम्मे पवत्तइ पायं ।
हवइ सुहसेवणिज्जो, पसम निमित्तं परेसिं पि ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ—પ્રકૃતિએ કરીને સૌમ્ય સ્વભાવવાળો પુરૂષ પ્રાય કરીને આક્રોશ, વધ, હિંસા, ચોરી આદિ પાપકાર્યોમાં પ્રવર્તમાન થાય નહીં, અને સર્વને સુખે કરીને સેવનીય થાય, તથા પોતાના તથા પરના આત્માને શાંતિના નિમિત્તભૂત બને છે. ॥ ૧ ॥

તેમજ ઉદાહરણ તરીકે જુઓ કે, શાંત ગુણનો સદ્ભાવ હોવાથી રામચંદ્રજીની પોતાનાજ શત્રુના પક્ષીઓ જેવા કે–સુગ્રીવ અને વિભિષણાદિએ પણ આવીને સેવા કરી. આ ઉદાહરણ દ્વારાએ એવો સારાંશ નીકળી શકે છે કે, શાંત પ્રકૃતિ શત્રુઓને પણ વશ કરવામાં એક અદ્વિતીય સાધનભુત છે. ઉપરોક્ત રીતે આ શાંત ગુણ સર્વ કાર્યસિદ્ધિ કરવામાં સમર્થ હોવાથી અવશ્ય સજ્જન પુરૂષોને અંગીકરણીય છે.

## ॥ પરોપકાર કરવા રૂપ તેત્રીશમા ગુણનું સ્વરૂપ ॥

આ જગતમાં પરોપકાર સરખો કોઇપણ ગુણ નથી. અર્થાત્ સર્વ ગુણોમાં ઉત્તમતાને ભજનાર પરોપકારજ છે.

આ જગતમાં અતિ મુશ્કેલીથી પ્રાપ્ત થઇ શકે તેવો મનુષ્ય જન્મ પામીને જે મનુષ્યો સંસારના ક્ષણિક સુખોમાં લીન બનીને પરોપકાર કરવો તો દૂર રહ્યો, પણ પરોપકાર તે શું વસ્તુ છે, એ જાણવાની ઇચ્છા પણ જેના અંતઃકરણમાં ઉત્પન્ન થતી નથી, એવા મનુષ્યો વાસ્તવિક રીતે શાસ્ત્રકારો કહે છે કે મનુષ્ય નથી; પરંતુ મનુષ્યના રૂપદ્વારાએ હરિણ સદશ છે. કહ્યું છે કે:—

येषां न विद्या न तपो न दानं न चापि शीलं न परोपकारः ।
ते मर्त्यलोके भुवि भारभूता मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥ १ ॥

ભાવાર્થ—જે પુરૂષોની અંદર મહા મહેનતથી પણ દુર્લભ એવી વિદ્યાની પ્રાપ્તિ કરવી, તેમજ કર્મક્ષય દ્વારાએ શિવશર્મની પ્રાપ્તિમાં સાધનભૂત એવું તપ કરવું, અને અનેક સંપત્તિઓની સંપત્તિમાં સાધનભૂત એવું દાન દેવું; તેમજ શીલનું પાલન અને સર્વોત્તમ કોટીએ બિરાજમાન એવા પરોપકારનું સેવન આદિ ગુણોનો વાસ નથી, તે પુરૂષો આ મનુષ્યલોકમાં પૃથ્વીને ભારભૂત છે. ઘણું શું કહેવું પરંતુ મનુષ્યના રૂપે કરીને મૃગ સદશ આચરણ કરે છે. ॥ ૧ ॥

સજ્જન પુરૂષો તો સ્વાભાવિક રીતે પરોપકાર કરવામાં ઉદ્યમવાન બની રહે છે; એટલુંજ નહીં પરંતુ શરીર પણ પરોપકારને માટે ધારણ કરે છે. તેઓને કોઇના ઉપદેશની તેમજ શિક્ષાની જરૂર નથી. કહ્યું છે કે:—

शास्त्रं बोधाय दानाय धनं धर्माय जीवितम् ।
वपुः परोपकाराय धारयंति मनीषिणः ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कस्यादेशात् क्षपयति तमः सप्तसप्तिः प्रजानाम् ।
छायाकर्तुं पथि विटपिनामंजलिः केन बद्धः ।
अभ्यर्थ्यंते नवजलमुचः केन वा वृष्टिहेतोः
जात्यैवैते परहितविधौ साधवो बद्धकक्षाः ॥ २ ॥

ભાવાર્થ—પંડિત પુરૂષો શાસ્ત્ર ભણે છે, તે બોધને માટે નામ આત્મજ્ઞાનની પ્રાપ્તિને માટે, અને ધનનો સંચય કરે છે, તે પણ દાનને અર્થે. તે દાનના શાસ્ત્રકારોએ પાંચ પ્રકાર દર્શાવેલ છે. તે નીચે મુજબઃ-

अभयं सुपत्तदाणं अणुकंपा उचिय कित्तिदाणं च ।
दोहिंपि मुक्खो भणिओ तिन्नि भोगाइयं दिंति ॥ १ ॥

ભાવાર્થઃ—પ્રથમ અભય દાન, બીજું સુપાત્ર દાન, ત્રીજું અનુકંપા દાન, ચોથું ઉચિત દાન અને પાંચમું કીર્તિદાન. આ પ્રમાણે પાંચ પ્રકાર દાનના છે; તેમાં પ્રથમમાં અભયદાન અને સુપાત્રદાન આ બે પ્રકારનાં દાન શિવશર્મા આપવાને સમર્થ છે, અને શેષ રહેલ ત્રણ દાન ભોગાદિ સંપત્તિઓ આપવાને શક્તિવાન છે. ॥ ૧ ॥

આ પાંચ દાનમાં પણ મુખ્ય અભયદાન કરવાવાળા પુરૂષને કોઇ પણ પ્રકારનો ભય રહેતો નથી. અર્થાત્ નિર્ભય બની જાય છે. કહ્યું છે કેઃ—

अभयं सर्वसत्त्वेभ्यो यो ददाति दयापरः ।
तस्य देहाद्विमुक्तस्य भयं नास्ति कुतश्चन ॥ १ ॥

ભાવાર્થ—દયા કરવામાં સાવધાન એવો જે પુરૂષ સર્વ સંસારની ઉપાધિઓથી ઉપાધિવાળા એવા પ્રાણીઓને અભયદાન નામ નિર્ભયપણાને પ્રાપ્ત કરાવે છે, તે પુરૂષને આ ભવમાં તો ભય નથી; પરંતુ આ દેહનો ત્યાગ કરીને પરભવમાં જાય, ત્યાં પણ તેને કોઇ પણ જાતનો ભય રહેતો નથી. ॥ ૧ ॥

આ સ્થળે અભયદાન દેવામાંજ જેનું ચિત્ત ઉત્સુક થઈ રહેલ છે એવા અભયકુમાર મંત્રીનું એક ઉદાહરણ છે, તે નીચે મુજબઃ—

મગધ દેશના સ્વામી શ્રેણીક રાજા હતા. તેઓના મંત્રી અભયકુમાર નામના હતા. હવે એક વખત રાજા સભા ભરીને બિરાજમાન થયેલ છે. તે વખતે રાજાજીએ સભામાં પ્રશ્ન કર્યો કે, આજકાલ આપણા રાજ્યમાં અલ્પ મુલ્યથી કઇ વસ્તુ પ્રાપ્ત થઇ શકે છે ? આ પ્રશ્નના ઉત્તરમાં સભાસદોએ જણાવ્યું કે, અલ્પમાં અલ્પ કિંમતથી માંસ મળી શકે છે. આ વાત સાંભળી અભયકુમાર મંત્રી તો ચકિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તજ બની ગયા, અને વિચાર કર્યો. ફીકર નહિ; પરંતુ એવો ઉપાય કરવો કે જેથી જીવોનો નાશ થાય નહિ. હવે એક વખત રાત્રીના સમયમાં અભયકુમાર પોતે ફરવા નીકળ્યા. સાથે એક હજાર સોનામ્હોર લીધી છે, અને દરેકને ઘેર જઇને કહેવા લાગ્યા કે, આજે રાજાજી ઘણાં બીમાર છે, અને તેઓની દવાના ઉપયોગમાં લેવાની ખાતર મનુષ્યનું કાળજું કાપીને તેમાંથી એક ટાંક ભાર માંસ જોઇએ છીએ. તેની કીંમતમાં એક હજાર સોનામ્હોર હું આપું છું. આમ સ્થળે સ્થળે કહેવા છતાં અને એક હજાર સોનામ્હોર આપતાં છતાં પણ એક ટાંક ભાર મનુષ્યના કાળજાનું માંસ મળી શકયું નહિ. હવે બીજે દિવસે જયારે સભા ભરાઈને બેઠી, ત્યારે મંત્રીરાજે પૂછ્યું કે, બોલો ભાઇ આજકાલ અલ્પ કિંમતથી કઇ વસ્તુ મળી શકે છે ? ત્યારે કોઇએ ઉત્તર ન આપવાથી મંત્રીરાજ પોતેજ બોલ્યા કે, ભાઈ આજે કેમ બોલતા નથી. તે દિવસે તો માંસ મળી શકે છે, એમ બોલતા હતા. આ વાત સભાસદો સાંભળીને અધોમુખ થઈ ગયા ત્યારે રાજાજીએ પૂછયું કે, હે મંત્રીરાજ આ વાત શું છે? કે જેથી સભા કંઈપણ બોલતી નથી, અને શ્યામ મુખવાળી ઝાંખી થયેલ જણાય છે, ત્યારે મંત્રીશ્વર અભયકુમાર પોતે કરેલ સર્વ વાત જણાવીને સભાને સમજાવવા ખાતર જણાવ્યું કેઃ—

अमेध्यमध्ये कीटस्य सुरेंद्रस्य सुरालये ।
समाना जीविताकांक्षा समं मृत्युभयं द्वयोः ॥ १ ॥

ભાવાર્થ—હે સભાસદો વિષ્ટાની અંદર રહેલ કીડાને અને સુરાલયમાં વાસ કરવાવાળા ઈંદ્રને પણ જીવવાની આશા એક સરખીજ હોય છે, અને બન્નેને મૃત્યુનો ભય પણ સરખોજ છે. ॥ ૧ ॥

આ ઉપદેશ દ્વારાએ બીજાઓને પણ તેઓએ અભયદાનમાં ઉદ્યમવાન બનાવ્યા, માટે અભયદાન સર્વ થકી મુખ્ય ગણત્રીમાં ગણી શકાય છે, જો કે દાનનો વિષય ઘણો છે, પરંતુ પ્રસંગ નહિ હોવાથી આટલુંજ બસ છે.

પંડિત પુરૂષો પોતાની જીંદગીને પણ ધર્મને માટેજ ધારણ કરે છે, અને પોતાનું શરીર પણ કેવળ પરોપકાર કરવાને માટેજ ધારણ કરે છે. ॥ ૧ ॥

સૂર્ય છે તે કોના આદેશથી આ સંપુર્ણ જગતના અંધકારનો નાશ કરે છે! તેમજ માર્ગમાં રહેલાં વૃક્ષોને પણ પોતે તાપને સહન કરી અન્ય મનુષ્યાદિને છાયા કરવા કયા પુરૂષે હસ્ત જોડેલ છે ! અને નવા જલને મુકવાવાળા મેઘને વૃષ્ટિ કરવાને માટે કયા પુરૂષે પ્રાર્થના કરેલી છે ! અર્થાત્ કોઈએ નહિ. પરંતુ સાધુ પુરૂષો પોતેજ પરહિત કરવાની વિધિમાં કટિબદ્ધ થઈ રહેલ છે. ॥ ૨ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરોપકારના ભેદો આદિ વિશેષ સ્વરૂપ જાણવાની ઇચ્છાવાળા સજ્જન પુરૂષોએ ધર્મરત્નાદિ શાસ્ત્રો દ્વારાજ જાણી લેવું. મહારાજા વિક્રમાદિત્ય અનેક જીવોની ઉપર ઉપકાર કરવા થકી પરદુ:ખભંજન એવા બિરૂદથી જગતમાં પ્રસિદ્ધિને પામ્યા છે. એવા દષ્ટાંતોનું અનુકરણ કરીને બુદ્ધિમાન તેમજ ગુણગ્રાહી પુરૂષો અવશ્ય પરોપકાર કરવામાં પ્રવૃત્તિ કરે છે. અને તેઓએ પ્રવૃત્તિ કરવી એજ ઉચિત છે.

## ॥ કામ ક્રોધાદિ અંતરંગ છ શત્રુના જયરૂપ ચોત્રીસમા ગુણનું સ્વરૂપ ॥

આ જગતમાં હિતેચ્છુ પુરૂષોએ કામ, ક્રોધ, લોભ, હર્ષ, માન, મદ. આ અંતરંગ છ શત્રુઓ જીતવા યોગ્ય છે. કારણ કે જ્યાં સુધી આ છ શત્રુઓથી વાસિત જેઓનું અંતઃકરણ હોય છે, તેઓનું આત્મહિત થઇ શકતું નથી; કારણ કે તે આત્મહિતમાં પ્રતિબંધભૂત છે. તેમજ આ છ શત્રુઓનો જય થવાથી બહારના શત્રુઓ તો રહીજ શકતા નથી. પરસ્ત્રી ઉપરની જે આસક્તિ તેનું નામ કામ કહી શકાય છે. આ કામરૂપી અંતરંગ શત્રુને વશ થવાથી રાવણ જેવા જબરજસ્ત રાજાઓ પણ અપકીર્તિ પામીને નાશભૂત થઇ ગયેલ છે. કહ્યું છે કે:—

स्त्रीलुब्धो जगति यश्चात्यजत्रशस्तु तं नरं ।
दासीलुब्धो यथा मुंजोपकीर्त्या गीयते न किम् ॥ १ ॥

ભાવાર્થ:—આ જગતમાં દાસીની ઉપર આસક્ત થયેલ એવો જે રાજા મુંજ શું અપકીર્તિદ્વારાએ નથી ગવાયો ? અર્થાત્ સ્ત્રીમાં આસક્ત એવો રાજા અપયશપણાને પામ્યો છે. અર્થાત્ જેને યશે પણ ત્યાગ કર્યો છે, તેની માફક જે પુરૂષ સ્ત્રીઓમાં આસક્ત બને છે, તે પુરૂષને, યશ પણ ત્યાગ કરે છે.

પોતાના બલાબલને વિચાર્યા વિના કોપને આધીન બનેલા એવા સારા સારા મહાત્માઓ પણ આ સંસાર સમુદ્રમાં ગોથાં મારે છે. અર્થાત્ ક્રોધરૂપી આ મહાન્ અંતરંગ શત્રુ આ સંસારમાં રખડાવનાર છે. માટે આત્મહિતાર્થી પુરૂષે ક્રોધનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

આ ક્રોધ રૂપી શત્રુને ત્યાગ કરવોજ જોઇએ, એવો ઉપદેશ નીચેના શ્લોકદ્વારાએ શાસ્ત્રકાર જણાવે છે. કહ્યું છે કે:—

आकरः सर्वदोषणां गुणानां च दवानलः ।
संकेतोऽखिलकष्टानां क्रोधस्त्याज्यो मनीषिणा ॥ १ ॥

ભાવાર્થ:—ક્રોધ છે તે સર્વ દોષોની ખાણરૂપ અને સંપૂર્ણ ગુણોને બાળવાને માટે અગ્નિ સમાન તેમજ સંપૂર્ણ કષ્ટને આપવાને માટે સંકેતરૂપ આવા અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારનાં દૂષણોથી ભરપૂર ક્રોધ છે; માટે તેનો અવશ્ય બુદ્ધિમાન પુરૂષે ત્યાગ કરવો. ॥ ૧ ॥

દાનાદિક યોગ્ય સ્થાનમાં પોતાનું ધન વાપરવું નહિ, તથા નિષ્કારણ કપટદ્વારાએ પરધન અંગીકાર કરવું, તેનું નામ લોભ કહી શકાય છે, અને શાસ્ત્રકાર કહે છે કે ( **लोभ मूलानि पापानि** ) લોભ છે, તે પાપનું મૂળ છે. લોભની તૃષ્ણા શાંત થતી નથી પરંતુ ઉલટી જેમ જેમ લાભ થાય છે, તેમ તેમ તે વૃદ્ધિને પામે છે. કહ્યું છે કે:—

**समुद्रस्यैव कल्लोलात्कल्लोलो वर्धते यथा ।**
**तद्वल्लाभाच्च लोभोपि मम्मणवणिजो यथा ॥ १ ॥**

ભાવાર્થ:—જેમ સમુદ્રના કલ્લોલો આવવાથી કલ્લોલોની ઘટતી નહીં થતાં વૃદ્ધિ થાય છે, તેની માફક જેમ જેમ અધિક લાભ થાય છે, તેમ તેમ મમ્મણ વણિકની પેઠે લોભની પણ વૃદ્ધિ થતી જાય છે.

લાભથી લોભની વૃદ્ધિ થાય છે અને લોભી પુરૂષની તૃષ્ણા ઘટતી નથી પરંતુ ઉલટી વૃદ્ધિ પામે છે, એ વાત સારી રીતે સમજી શકાય છે. લોભમાં આસકત બનેલા એવા પુરૂષોને અનેક પ્રકારની લડાઇ આદિ કલેશો ભોગવવા પડે છે; માટે લોભરૂપી અંતરંગ શત્રુનો ત્યાગ કરવો એજ શ્રેય છે.

નિર્નિમિત્ત શિકાર આદિ પાપ કાર્યોથી અનેક જીવોનો નાશ કરી તેને આકુલ વ્યાકુલ થતાં દેખીને આનંદ પામવો. તેનું નામ હર્ષ નામનો અંતરંગ શત્રુ કહી શકાય છે. તેવાજ પ્રકારનો હર્ષ કરવાથી આ ભવમાં પણ દુઃખ પ્રાપ્ત થાય છે, અને પરલોકમાં પણ નરક ગમનાદિ દુ:ખ ભોગવવા પડે છે. એ વાત શ્રેણિક મહારાજાના એક નાના ઉદાહરણ દ્વારાએ જાણી.શકાય છે.

મગધ દેશના સ્વામી રાજા શ્રેણિક હતા. તેણે એક વખત શિકારની ક્રીડા કરતાં એક બાણને ફેંકયું, તેથી એક હરિણીને લાગ્યું. એ હરિણી ગર્ભવતી હોવાથી બાણ લાગતાની સાથેજ તેના પેટમાંથી ગર્ભમાં રહેલ તેનું બાળક એક બાજુએ પડયું અને એક બાજુએ પોતે પડી. આ રીતે બન્નેનું ભિન્ન ભિન્ન પતન દેખીને રાજા શ્રેણિક મનમાં મગરૂરી આણીને હર્ષ પામે છે કે, મારૂં સામર્થ્ય કેટલું બધું છે. આવા પ્રકારના વિચારથી તે રાજાએ નરકગમન યોગ્ય કર્મો ઉપાર્જન કર્યાં, તે દુષ્ટ કર્મદ્વારાએ રાજા શ્રેણિક નરકગતિનાં દુઃખને પ્રાપ્ત થયો. માટે આ ભવ તેમજ પરભવમાં પણ દુઃખદાઇ એવો ઉપરોકત હર્ષ નામના અંતરંગ શત્રુનો અવશ્ય ત્યાગ કરવો, એજ બુદ્ધિમાન પુરૂષોનું કર્ત્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિવશર્મની પ્રાપ્તિમાં જ કેવળ ઉદ્યમવાળા એવા જ્ઞાની પુરૂષોના યુક્તિયુક્ત કથનને પોતાના દુરાગ્રહથી અનંગીકાર તેને માન નામનો અંતરંગ શત્રુ કહી શકાય છે. ઉપરોકત માનરૂપી શત્રુને આધિન બનેલા એવા પુરૂષો વિનયાદિ ગુણોથી રહિત હોવાથી સારી શિક્ષાને પામી શકતા નથી, અને સારી શિક્ષા નહિ પામવાથી કોઇ પણ જાતની શ્રેષ્ટ વિદ્યા પણ પ્રાપ્ત કરી શકતા નથી, તેથી કોઇ પણ માણસને ઉપકાર પણ કરી શકતા નથી. કહ્યું છે કે—

> शिक्षां लभते नो मानी विद्यामिथान्न कार्हिचित् ।
> विनयादिक्रियाशून्यः स्तंभवत्स्तब्धतां गतः ॥ २ ॥
> यः स्तब्धो गुरुणा साकमन्यस्य नमनं कुत्तः ।
> न छायायै न लाभाय मानी कंथेरवन्नृणाम् ॥ २ ॥

ભાવાર્થ:—વિનયાદિ ઉચિત ક્રીયાઓથી રહિત અને સ્તંભની માફક સ્તબ્ધપણાને પામેલો એવો માની પુરૂષ કોઇની પાસેથી પણ શિક્ષાને પ્રાપ્ત કરી શકતો નથી. તેમજ કોઈ વખત પણ વિદ્યા મેળવી શકતો નથી. ૧

જે ગુરૂની સાથે પણ સ્તબ્ધ એટલે અક્કડ રહેવાવાળો હોય, તે અન્ય માણસોને તો નમસ્કાર આદિ કરેજ કયાંથી; અર્થાત્ સજ્જન હો કે દુર્જન હો, પરંતુ દરેક માણસની સાથે અક્કડ રહેવાવાળો હોય તો કંથેરી નામનું વૃક્ષ જેમ કોઇને છાયા નથી આપી શકતું, તેની માફક ઉપરોક્ત માની પુરૂષ કોઇના પણ લાભને માટે થતો નથી. ૨

ઉપરોકત અનર્થકારક હોવાથી એ શત્રુનો ત્યાગ કરવો એજ ઉચિત છે. કુલ—બળ—ઐશ્વર્યતા વિદ્યા આદિ પોતામાં અધિક હોવાથી મારા સરખું કોઇનું કુળ નથી, અને મારા જેવો કોઇ બળવાન તેમજ રિદ્ધિવાન તેમજ રૂપવાન અને બુદ્ધિમા જગતમાં કોઈ નથી. એવા પ્રકારનો અહંકાર કરવો તેનું નામ મદ કહી શકાય છે. ઉપરોકત વસ્તુના અધિકપણાનો અહંકાર કરવાથી એટલે જેમ બળનો અહંકાર કરવાથી ત્રણ ખંડના ધણી એવા વાસુદેવના જીવો, અને રૂપનો અહંકાર કરવાથી છ ખંડના સ્વામી એવા સનતકુમાર ચક્રવર્તિ અને વિદ્યાનો મદ કરવાથી સિદ્ધાંતના પારંગત એવા સ્થુલભદ્રસ્વામી જેવા મહાત્માઓ આદિ ઘણા જીવો દુઃખને આધિન થએલ છે, માટે અનેક દુઃખના સાધનભૂત એવા મદરૂપી અંતરંગ શત્રુનો અવશ્ય ત્યાગ કરવો એજ શ્રેય છે.

ઉપરોક્ત અનર્થના સાધનભૂત એવા અંતરંગ છ શત્રુઓનો ત્યાગ કરી પોતાના આત્માને નિર્મળ બનાવવો એજ કર્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ॥ ઇંદ્રિઓને વશ કરવારૂપ પાંત્રીશમા ગુણનું સ્વરૂપ ॥

ઇંદ્રિયોનો જય કરવાથી આ લોકમાં સુખની પ્રાપ્તિ થાય છે, અને પરલોકમાં પણ પરમાનંદ પદવી પ્રાપ્ત કરાવવામાં સાધનભૂત છે. મોક્ષસુખની ઇચ્છાવાળા પુરૂષોને મોક્ષસુખની પ્રાપ્તિને માટે સાધનભૂત ઇંદ્રિયોનો જય છે, એમ વાચકપદને શોભાવનાર એવા પરમપૂજ્ય શ્રીમદ્ યશોવિજયજી નામના મહાત્માએ બનાવેલ ઇંદ્રિય જયાષ્ટકના પ્રથમ શ્લોકમાં દર્શાવેલ છે, તે શ્લોક નીચે મુજબ હું લખી જણાવું છું.

बिभेषि यदि संसारान्मोक्षप्राप्तिं च कांक्षसि ।
तदेंद्रियजयं कर्तुं स्फोरय स्फारपौरुषम् ॥ १ ॥

**ભાવાર્થ**—હે મોક્ષાભિલાષી જીવ, જો તું આ નારકી તિર્યંચ આદિ દુર્ગતિઓથી ભયંકર અને અનેક પ્રકારની માનસિક આધિઓ અને શારીરિક ઉપાધિઓથી ભરપુર એવા સંસાર થકી ડરતો હોય અને એક અદ્વિતીય સુખનું સાધન એવું જે મોક્ષસ્થાન તે પ્રાપ્ત કરવાની તારી ઇચ્છા હોય, તો ઇંદ્રિયરૂપી અશ્વોને જ્ઞાનરૂપી દોરડાં વડે જય નામ વશ કરવાને માટે વિસ્તારવાળા સર્વ કાર્ય કરવામાં સાધનભૂત એવા પુરૂષાર્થને સ્ફોરવ–અર્થાત્ પુરૂષાર્થ દ્વારાએ ઇંદ્રિયોનો જય કર ॥૧॥

જો કે ગૃહસ્થોથી સર્વથા ઇંદ્રિયોનો જય કરવો, એ ન બની શકે તો પણ ઇંદ્રિયોના વિષયોમાં કે જેઓ મહા દુઃખના સાધનભૂત છે, તેઓમાં આસક્તિને અવશ્ય ત્યાગ કરવો. એક એક ઇંદ્રિયના વિષયોમાં આસક્ત થવાથી મૃગાદિ પશુઓએ પોતાના પ્રાણોનો પણ નાશ કરેલ છે, તે આ નીચેના શ્લોકથી સારી રીતે ખ્યાલમાં આવી શકશે.

कुरंगमातंगपतंगभृंगा मीना हताः पंचभिरेव पंच ।
एकः प्रमादी स कथं न हन्यते यः सेवते पंचभिरेव पंचः ॥ १ ॥

**ભાવાર્થ**—હરિણ શ્રોત્રેંદ્રિયના વિષયમાં આસકત બનીને અને હસ્તી સ્પર્શેન્દ્રિયના વિષયમાં લીન થઇને, અને પતંગીઉં ચક્ષુરિંદ્રિયના વિષયમાં આસકત બનીને અને ભ્રમર ઘ્રાણેંદ્રિયના વિષયમાં મગરૂર બનીને અને મત્સ્ય રસના ઇંદ્રિયના વિષયમાં આધીન બનીને પોતાના પ્રાણોનો નાશ કરે છે, તો પછી જે મનુષ્ય પાંચે ઇંદ્રિયોના વિષયમાં આસકત બનેલો, અને પ્રમાદી એવો મૃત્યુને પામે, તેમાં આશ્ચર્ય શું ? અર્થાત્ કંઇજ નહિં. ॥ ૧ ॥

વિષ કરતાં પણ વિષયરૂપી વિષ મનુષ્યોને અધિક હેરાન કરે છે. કારણ કે વિષ ભક્ષણ કરવાથી તો એક વખતજ મૃત્યુને આધીન કરે છે; પરંતુ વિષયરૂપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષનું ભક્ષણ કરવાથી તો અનંત વખત મૃત્યુને આધીન બનાવે છે, અર્થાત્ વિષયો ભોગવવાથી સંસારની વૃદ્ધિ થાય છે.

ઈત્યાદિ કારણોથી ઇંદ્રિયોના વિષયમાં આસકત નહી બનતાં સંસારસમુદ્રના કાંઠાને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા પુરૂષે ઇંદ્રિયોનો જય કરવો એજ શ્રેયકારી છે.

ઉપરોકત કથન કરેલા પાંત્રીશ ગુણોનું શ્રવણ કરી તેની સાથે મનનનું પણ અવલંબન અંગીકાર કરીને અને યોગ્યાયોગ્યનો વિચાર કરીને ગુણોની પ્રાપ્તિ કરવી એ આપ જેવા બુદ્ધિમાન પુરૂષોનું કર્તવ્ય છે. સંપુર્ણ.

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## શ્રી શત્રુંજય તીર્થનું ઉદ્ધાર વર્ણન.

( ગતાંક પૃષ્ટ ૨૫૮ થી શરૂ. )

ચાવડા વંશના પ્રસિદ્ધ નૃપતિ વનરાજે ગુજરાતની (મધ્યકાલીન) રાજધાની અણહિલપુર પાટણ વસાવ્યા બાદ વનરાજ, યોગરાજ ક્ષેમરાજ, ભુવડ, વજા, રત્નાદીત્ય, અને સામંતસિંહ નામના સાત ચાવડા રાજાઓએ તેમાં રાજ્ય કર્યું. તેમના પછી મૂળરાજ, ચામુડરાજ, વલ્લભરાજ, દુર્લભરાજ, ભીમરાજ, કર્ણરાજ જયસિંહ, ( સિદ્ધરાજ ) કુમારપાળ, અજયપાળ, લઘુ મૂળરાજ, અને ભીમરાજ એ અગીયાર સોલંકી નૃપતિઓએ ગુજરાતનું શાશન કર્યું. તે સોલંકી વંશની પછી વાઘેલા વંશના વીરધવળ, વિશળ, અર્જુનદેવ, શારંગદેવ અને કર્ણ નામના પાંચ રાજાઓનું રાજ્ય રહ્યું. સંવત ૧૩૫૭ માં અલ્લાઉદ્દીનના સૈન્યે કરણ રાજાનો પરાજય કરી પાટણમાં પોતાનો અધિકાર જમાવ્યો.

વિક્રમ સંવત ૧૨૪૫ માં મુસલમાનોએ ભારતની રાજધાની દીલ્હીને પોતાના સ્વાધીનમાં લીધા પછી અલ્લાઉદ્દીન સુધી પંદર બાદશાહોએ ત્યાં અધિકાર કર્યો. છેલ્લો બાદશાહ અલ્લાઉદ્દીન થયો તે સં. ૧૩૫૪ માં દીલ્હીના તખ્ત ઉપર બેઠો તેણે ગુજરાતથી લાહોર સુધીનો પ્રદેશ જીતી લીધેલો હતો. અલ્લાઉદ્દીનથી લઇને કુતબુદ્દીન, શાહબુદ્દીન, ખસરબદ્દીન, ગ્યાસુદ્દીન, અને મહુમદ સુધીના દીલ્હીના છ બાદશાહોએ ગુજરાત ઉપર શાસન ચલાવ્યું તેમની આજ્ઞાથી ક્રમવાર અલુખ્યાન, ખાનખાના, દફરખાના અને તાતારખાન પાટણના સુબેદાર રહ્યા.

ફીરોજશાહના સમયમાં ગુજરાત સ્વતંત્ર થયું. અને ગુજરાતની બાદશાહી જુદી શરૂ થઇ, જેથી સંવત ૧૪૩૦ માં મુજફ્ફર નામનો હાકેમ ગુજરાતનો પહેલો બાદશાહ બન્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુજફ્ફરખાનના મૃત્યુ પછી સંવત ૧૪૫૪ માં અહમદશાહ ગાદી ઉપર બેઠો તેણે સંવત ૧૪૬૮ માં સાબરમતી નદીના કીનારે જ્યાં પ્રાચીન કર્ણાવતી નગરી હતી, ત્યાં પોતાના નામથી અમદાવાદ શહેર વસાવ્યું અને પાટણને બદલે તેણે પોતાની રાજધાની કાયમની ત્યાં બનાવી.

અહમદશાહ પછી તેનો દીકરો મહમદશાહ, અને મહમદશાહની પછી કુતબુદ્દીન અને ત્યારપછી બીજો મહમુદશાહ બાદશાહ થયો કે જે મહમદ બેગડાના નામથી પ્રસિદ્ધ છે, તેણે જુનાગઢ અને પાવાગઢ ( ચાંપાનેર ) ના પ્રસિદ્ધ કિલ્લાઓ જીતી પોતાના રાજ્યમાં ભેળવી દીધા. મહમુદના પછી બીજો મુજફ્ફરશાહ બાદશાહ થયો તે લક્ષણ, સાહિત્ય, જ્યોતિઃશાસ્ત્ર, અને સંગીત આદિ વિદ્યાઓનો સારો જાણકાર હતો. વિદ્વાનોનો આધારભૂત વિરપુરૂષ અને પોતાની પ્રજાને પુત્રવત પાલન કરનાર હતો. તેમને કેટલાક પુત્રો હતા જેમાં સિકંદર સૌથી મોટો હતો, તેમણે નીતિ, શક્તિ, અને ભક્તિથી પોતાના પિતા અને પ્રજાનું દિલ પોતાની તરફ ખેંચી લીધું હતું. તેનો નાનો ભાઇ બહાદુરખાન નામનો હતો. જે મોટો ઉદ્‌ભટ સાહસિક અને શુરવીર હતો, તેણે પૂર્વ કાલના રાજ્યપુત્રોના ચરિત્રોનું વિશેષ અવલોકન કર્યું હતું જેથી તેમની જેમ તેનું મન દેશાટન કરી પોતાના જ્ઞાનની વૃદ્ધિ કરવા તરફ દોરાયું. કેટલાક નોકરોને સાથે લઇને તે અમદાવાદથી પ્રદેશમાં મુસાફરી કરવાને નીકળી ગયો તે ફરતાં ફરતાં ચિતોડ પહોંચ્યો જ્યાં મહારાણાએ તેમનો યથોચિત્ત સત્કાર કર્યો.

આગળ કહેવામાં આવ્યું છે કે કર્માશાહ કાપડનો વેપાર કરતા હતા. બંગાળા અને ચીન વિગેરે પ્રદેશમાંથી કરોડો રૂપીયાનો માલ તેમની દુકાન ઉપર આવતો જતો હતો. આ શાહજાદા બહાદુરખાને અહીં કર્માશાહની દુકાનેથી ઘણું કાપડ ખરીદ કર્યું. તેથી કર્માશાહને શાહજાદાની સાથે સારી મીત્રાચારી થઇ. સ્વપ્નામાં ગૌત્રદેવી આવીને કર્માશાહને કહ્યું કે આ શાહજાદાથી તારી ઇષ્ટ સિદ્ધિ થશે. જેથી કર્માશાહએ ખાનપાન વસ્ત્ર, અને પ્રિય વચનથી શાહજાદાનો ઘણો સત્કાર કર્યો.

બહાદુરખાન પાસે તે વખતે ખરચી ખુટી ગઇ હતી. જેથી કર્માશાહએ તેને એક લાખ રૂપીયા કોઇ પણ સરત વગર મફત આપ્યા.

શાહજાદો આથી ઘણો આનંદિત થયો અને કર્માશાહને કહેવા લાગ્યો કે હે મિત્રવર ! જીવનપર્યંત હું તમારો આ ઉપકાર કદી ભુલી શકીશ નહિ. જેથી કર્માશાહે કહ્યું કે આપ એમ નહિ બોલો, કારણકે તમે અમારા માલીક છો અને હું આપનો સેવક છું. કેવળ એટલી મારી અરજ છે કે–કોઇ કોઇ વખત સેવકને સંભારશો અને જે વખતે આપને રાજ્ય મળે તે વખતે શત્રુંજયનો ઉદ્ધાર કરવાની મારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક પ્રબળ ઉત્કંઠા છે તે પૂર્ણ કરવા દેશો. શાહજાદાએ કર્મશાહની તે ઇચ્છા પૂર્ણ કરવાને માટે વચન આપ્યું અને તેમની અનુમતિ લઇને શાહજાદાએ અન્યત્ર ગમન કર્યું.

અહિં ગુજરાતમાં મુજફ્ફરશાહનું મૃત્યુ થયું અને તેના તખ્ત ઉપર સિકંદર શાહ બેઠો. તે સારો નિતિવાન હતો છતાં દુર્જનોએ તેને થોડા દિવસમાં મારી નાંખ્યો. તે વૃત્તાંત જ્યારે બહાદુરખાને સાંભળ્યું કે તરતજ ગુજરાતમાં આવી ચાંપાનેર પહોંચ્યો કે જ્યાં સંવત ૧૫૮૩ ના ભાદરવા શુદી ૨ ને ગુરૂવારના દિવસે મધ્યાન સમયે તેમનો રાજ્યાભિષેક થયો, અને બહાદુરશાહ નામ ધારણ કર્યું. બહાદુરશાહે પોતાના રાજ્યની લગામ હાથમાં લઇને પ્રથમ જેટલા સ્વામીદ્રોહી, દુર્જન અને ઉદ્ધત મનુષ્યો હતા તેઓને યથાયોગ્ય શિક્ષા કરી. તેના પ્રતાપના ડરથી અનેક રાજાઓએ આવી મોટી મોટી ભેટો તેમની સામે ધરી. પૂર્વાવસ્થામાં જે જે મનુષ્યોએ તેમના ઉપર ઉપકાર અથવા અપકાર કર્યો હતો, તે સર્વને ક્રમસર પોતાની પાસે બોલાવીને યથાયોગ્ય સત્કાર યા તિરસ્કાર કરી કૃતકર્મનું ફળ આપવા લાગ્યો.

સુકર્મી કર્માશાહે તેના ઉપર કરેલા નિઃસ્વાર્થી ઉપકારનું સ્મરણ કરી, મોટા આદરની સાથે કૃતજ્ઞ બાદશાહે પોતાની પાસે બોલાવવાને માટે આમંત્રણ મોકલ્યું. આમંત્રણ આવવાથી કર્માશાહે બાદશાહને ભેટ આપવાને માટે બહુ મુલ્ય ચીજો સાથે લઇ તેમની પાસે પહોંચ્યો. કર્માશાહને સામા આવતાં દેખી બાદશાહે ઉઠી પોતાના બંને હાથથી બહુજ પ્રેમથી કર્માશાહનું આલિંગન કર્યું. સભામંડળની પાસે, કર્માશાહની નિષ્કારણ પરોપકારીતાની ખુબ પ્રશંશા કરતાં બાદશાહ બોલ્યો કે, આ મારો પરમ મિત્ર છે અને જે વખતે ખરેખરી બુરી દશામાં હું હતો તે વખતે આ દયાળુ શાહે મારો છુટકારો કર્યો હતો. બાદશાહના મુખથી આ શબ્દો સાંભળી કર્માશાહ વચમાં એકદમ બોલ્યા કે હે શહેનશાહ, એટલો બોજો મારા ઉપર ન મુકો. તે ઉઠાવવાને હું સમર્થ નથી. હું તો માત્ર એક આપનો સેવક છું. જેથી મેં એવું કાંઇ કાર્ય કર્યું નથી કે આપ મારી આટલી બધી તારીફ કરો છો. એ પ્રમાણે સંભાષણ થયા પછી બાદશાહે, કર્માશાહના ઉતારાને માટે પોતાના શાહી મેહેલનો એક સુંદર ભાગ ખોલી દીધો અને તેમના માટે ઉત્તમ પ્રકારનો બંદોબસ્ત કરી દીધો. ત્યારબાદ કર્માશાહ દેવગુરૂના દર્શન વંદન કરવા માટે ગયા અને તે કાર્ય વિધિપૂર્વક કરી, નાનાં પ્રકારનાં વસ્ત્રાભૂષણ અને ભોજન યાચકોને દાનમાં આપ્યું. **શ્રી સોમધિરગણી** નામના વિદ્વાન યતિ ત્યાં બિરાજમાન હતા કે જેમની પાસે કર્માશાહ હમેશાં ધર્મોપદેશ સાંભળવાને અને આવશ્યકાદિક ધર્મકૃત્ય કરવાને માટે જવા લાગ્યા, એ પ્રમાણે નિરંતર ધર્મસાધન કરવા લાગ્યા. તે પછી કેટલાક દિવસ બાદ **શ્રી વિદ્યામંડન સૂરિ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિનયમંડન પાઠકને કર્માશાહે પોતાનું આગમનસૂચક અને બાદશાહની મુલાકાત વિગેરેના વૃત્તાંત સહીત પત્ર લખ્યો.

બાદશાહે કર્માશાહની પાસેથી ચિતોડમાં પહેલાં જે કાંઇ દ્રવ્ય લીધું હતું તે તેમણે પાછું આપ્યું.

એક દિવસ બાદશાહ ખુશી થઇને બોલ્યો કે હે મિત્ર ! તમારૂં શું ઇષ્ટ કરૂં ? મારૂં દિલ ખુશી કરવાને માટે મારા રાજ્યમાંથી કોઇ દેશ ઇત્યાદિનો સ્વીકાર કરો. કર્માશાહે કહ્યું કે આપની કૃપાથી મારી પાસે સર્વ કાંઈ છે. મારે કોઇ વસ્તુની જરૂર નથી. હું કેવળ એક વાત ચાહું છું તે એ કે શત્રુંજય પર્વત ઉપર મારા દેવની સ્થાપના થાય, કે જેને માટે અનેક કઠીન અભિગ્રહ મેં કરી રાખ્યા છે; કે જે વાત મેં પહેલાં ચિતોડમાં આપ વિદેશ ગમન કરતા હતા તે વખતે કહી હતી. અને તે વખત તે કરવાને માટે આપે વચન પણ આપ્યું હતું તે વચન પૂર્ણ કરવાનો સમય આવી લાગ્યો છે. તેટલા માટે તે કરવાની આજ્ઞા આપો. તે સાંભળી બાદશાહે કહ્યું. હે શાહ ! તમારી જે ઇચ્છા છે તે નિઃશંક થઇને પૂર્ણ કરો. હું તમોને મારૂં આ ફરમાન ( શાશન પત્ર ) આપું છું, જેથી કોઇ પણ મનુષ્ય તમારા કાર્યમાં પ્રતિબંધ કરી શકશે નહી. એમ કહી બાદશાહે એક શાહી ફરમાન લખી આપ્યું કે જે લઇ સારા મુહૂર્તમાં કર્માશાહે ચાંપાનેરથી શીઘ્ર પ્રયાણ કર્યું. મોટા આડંબર સહિત બાદશાહે, કર્માશાહને રવાને કર્યા. બ્હાર નીકળતી વખત કર્માશાહને સારા શુકન થયા તે દેખીને તેમને બહુજ આનંદ થયો, હાથી, ઘોડા, અને રથ ઉપર આરૂઢ થયેલા અનેક સંઘ જનોથી પરિવૃત થઇ રથારૂઢ કર્માશાહ ક્રમશઃ શત્રુંજયની આગળ વધવા લાગ્યા. રસ્તામાં સ્થળે સ્થળે જ્યાં જ્યાં જૈન ચૈત્ય આવ્યા ત્યાં સ્નાત્ર મહોત્સવ, ધ્વજા રોપણ કરતા, અને જેટલા ઉપાશ્રયોમાં જૈન સાધુઓ મળ્યા તેમના દર્શન વંદન કરી વસ્ત્ર પાત્રાદિ દાન દેતા, દરિદ્ર લોકોને યથાયોગ્ય દ્રવ્યની સહાય આપતા અને હિંસક જનોને તેના પાપ કર્મમાંથી મુકત કરતા શત્રુંજયોદ્ધારક તે પરમ પ્રભાવક કર્માશાહ ખંભાત પહોંચ્યા. સ્થંભ તિર્થવાસી જૈન સમુદાયે મોટા મહોત્સવ પૂર્વક શાહને નગરપ્રવેશ કરાવ્યો. **સ્થંભનક પાર્શ્વનાથ અને શ્રીમંધર તિર્થંકરના** મંદિરમાં પરમાત્માના દર્શન કરી કર્માશાહ ઉપાશ્રયમાં ગયા કે જ્યાં શ્રી **વિનયમંડન** પાઠક બીરાજમાન હતા. તેમને ઘણા હર્ષ પૂર્વક વંદના કરી સુખશાતા પુછી; ત્યારબાદ કર્માશાહે કહ્યું કે હે સુગુરૂ, આજ મારો દિવસ સફળ થયો કે જેથી આપનાં દર્શનનો લાભ મળ્યો. ભગવાન ! પહેલા જે આપે મને કામ કરવાની સુચના કરી હતી, તે કામ કરવાની હમણાં સ્પષ્ટ આજ્ઞા કરો. આપ સમસ્ત શાસ્ત્રના જ્ઞાતા હોવાથી મારે જે કર્તવ્ય અને આદરણીય હોય તેનો આદેશ આપો. લોકોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધારણ વસ્તુના ઉદ્ધારનું કાર્ય પુણ્યને લઈને થાય છે એમ મનાય છે, તો **શત્રુંજય** જેવા પર્વત ઉપર જિનેંદ્ર જેવા પવિત્ર પુરૂષની પ્રતિમાના ઉદ્ધારની તો વાતજ શી કરવી ! તે તો મોક્ષની પ્રાપ્તિ કરવાવાળો છે. ઉપરોકત કેટલીક વિનંતિ કર્માશાહે કર્યા બાદ કર્માશાહને શ્રી પાઠકે કહ્યું. હે વિધિજ્ઞ! જે કાંઈ કરવાનું છે, તે તમે સર્વ જાણો છો અમારૂં તો કેવળ કથન એ છે કે તમારા કર્તવ્યમાં શિઘ્રતા કરો. અવસર આવતાં અમે પણ અમારા કર્તવ્યનું પાલન કરીશું. શુભ કાર્યમાં કોણ મનુષ્ય ઉપેક્ષા કરે છે. મુનિ ઉચિત આ પ્રકારનું સંભાષણ સાંભળીને ફરી કર્માશાહે તેમને નમસ્કાર કર્યા અને ત્યાંથી રવાના થયા.

પાંચ છ દિવસમાં કર્માશાહ ત્યાં આવી પહોંચ્યા કે જ્યાંથી **શત્રુંજયગિરિનાં** દર્શન થઇ શકતા હતાં. ગિરિવર દ્રષ્ટિગોચર થતાં જેમ મેઘના દર્શનથી મોર અને ચંદ્રના દર્શનથી ચકોર આનંદિત થાય છે તેમ શાહ આનંદપૂર્ણ થયા. ત્યાંથી ગિરિરાજને સુવર્ણ અને રૂપાના પુષ્પોથી તથા શ્રીફળ આદિ ફલોથી વધાવ્યા ને ગિરિવરને ભાવ પૂર્વક નમસ્કાર કરીને સ્તુતિ કરવા લાગ્યા કે—" હે શૈલેન્દ્ર ! ઇચ્છિત દેવાવાળા કલ્પવક્ષની સમાન ઘણે વખતે તારૂં દર્શન થયું. તમારા દર્શન અને સ્પર્શ બંને પ્રાણીઓના પાપ નાશ કરનાર છે. તમારા એક એક પ્રદેશપર અનંત આત્મસિદ્ધ થયા છે, જેથી જગતમાં તમારા જેવું કોઇ પુણ્યક્ષેત્ર નથી. સીમંધર તિર્થંકર જેવા મહાન પુરૂષો જેની પ્રશંસા કરે છે, એ પ્રકારે સ્તવના કરી અંજલી જોડી ફરી નમસ્કાર કર્યો, અને ત્યાંથી આગળ ચાલ્યા. પોતાના સર્વ સમુદાયની સાથે **શત્રુંજય**ની જડમાં ( તલાટીમાં ) જઇ વાસસ્થાન બનાવ્યું.

તે વખતે સૌરાષ્ટ્રના સુબા મયાદખાન (ગુઝ્ઝાદીદખાન) હતો, તે કર્માશાહના આ કાર્યથી દીલમાં ઘણો બળતો હતો, પરંતુ તેના માલિક બહાદુરશાહની આજ્ઞા હોવાથી કાંઈ કરી શકતો નહોતો. ગુર્જરવંશના રવિરાજ અને નરસિંહ જેઓ તે સુબાના મંત્રિઓ હતા, તેમણે કર્માશાહને તેમના કાર્યમાં ઘણી સહાય દીધી.

ખંભાતથી **વિનયમંડન** પાઠક સાધુ અને સાધ્વીનો ઘણો પરીવાર સાથે લઇને સિદ્ધાચળની યાત્રાના ઉદ્દેશથી થોડા વખત બાદ ત્યાં આવી પહોંચ્યા. ગુરૂમહારાજશ્રીના આગમનથી કર્માશાહને ઘણો આનંદ થવા સાથે પોતાના કાર્યમાં બમણો ઉત્સાહ થયો. પાઠકવરે સમરા આદિ ગોષ્ઠીને બોલાવી મહામાત્ય વસ્તુપાળે લાવેલા મમ્માણી ખાણના બે પાષાણખંડ જે ભુમિગૃહમાં ગુપ્ત રીતે રાખ્યા હતા તે માંગ્યા. ગોષ્ઠીકના દિલને ખુશ અને વશ કરવા માટે ગુરૂમહારાજના કથનથી પણ અધિક ધન આપી તે બે પાષાણખંડ લીધા અને મૂર્તિ બનાવવાનો પ્રારંભ કર્યો, કુટુંબીઓના કલ્યાણાર્થે કેટલીક પ્રતિમાઓ બનાવવાને માટે બીજા કેટલાક પાષાણખંડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પહેલેથી પર્વત ઉપર પડ્યા હતા તે પણ લીધા. કારીગરોને નિર્માણ કાર્યમાં યોગ્ય શિક્ષણ દેવા માટે પાઠકવર્યે વાચક **વિવેકમંડન** અને પંડિત **વિવેકધીર** નામના પોતાના બે શિષ્યો કે જે શિલ્પવિદ્યાના વિશેષજ્ઞ વિદ્વાન હતા, તેમને નિરિક્ષકના સ્થાન ઉપર નિયુક્ત કર્યા, તેમને માટે શુદ્ધ નિર્દોષ આહાર-પાણી લાવવાનું કામ **ક્ષમાધીર** પ્રમુખ મુનિઓને સોંપ્યું, અને બાકીના જેટલા મુનિયો હતા તે સર્વે સંઘની શાંતિને માટે છઠ્ઠ, અઠ્ઠમાદિ વિગેરે વિશેષ તપ કરવા લાગ્યા.

**રત્નસાગર** અને **જયમંડન** નામના બે યતિઓએ છમાશી તપ કર્યો, વ્યંતર આદિ નીચ દેવોના ઉપદ્રવને સમનાર્થે પાઠકવર્યે સિદ્ધચક્રનું સ્મરણ કરવું શરૂ કર્યું. કારીગરોનું મન ખુશી રાખવાની ઈચ્છાથી કર્માશાહ નિરંતર તેમના ખોરાકને માટે સારાં સારાં ભોજન અને પીવાને માટે દુધ વીગેરે ચીજો આપતા હતા. પર્વત ઉપર ચઢવાને માટે ડોળીઓનો પણ યથેષ્ટ પ્રબંધ કરી દેવામાં આવ્યો હતો, સેંકડો કારીગરો જે વખતે જે ચીજની ઇચ્છા કરતા હતા, તે વખત કર્માશાહ દ્વારા તેમને માટે તે તૈયાર થતી હતી. આ પ્રમાણે કર્માશાહની આગતાસ્વાગતાથી જે કાર્ય કારીગરો-ને માટે મહીનાભરમાં તૈયાર કરવાનું યોગ્ય હતું, તે દશ દિવસમાં પુરૂં થતું હતું. કારીગરોએ તમામ પ્રતિમાઓ બહુજ ચતુરાઇથી તૈયાર કરી અને તમામ અવયવ વાસ્તુશાસ્ત્રના ઉલ્લેખ મુજબ યથાસ્થાન સુંદર આકાર બનાવી, અપરાજિત શાસ્ત્રમાં લખેલા લક્ષણ મુજબ આય-ભાગના જ્ઞાતા એવા તે કુશળ કારીગરોએ થોડા વખ-તમાં અદ્ભુત અને ઉન્નત મંદિર તૈયાર કર્યું, એ પ્રકારે જ્યારે તમામ પ્રતિમાઓ અને મંદિર લગભગ પૂર્ણ તૈયાર થયું ત્યારે શાસ્ત્રજ્ઞાતા વિદ્વાનોએ પ્રતિષ્ઠાના મહો-ત્સવનો નિર્ણય કરવો શરૂ કર્યો.

તેટલા માટે કર્માશાહે દુર દુરથી આમંત્રણ કરી જ્ઞાન અને વિજ્ઞાનના જ્ઞાતા એવા અનેક મુનિ, અનેક વાચનાચાર્ય, અનેક પંડિત, અનેક પાઠક, અનેક આચાર્ય, અનેક ગણી, અનેક દેવારાધક અને નિમિત્તશાસ્ત્રના પારંગત એવા અનેક જ્યોતિષી બોલાવ્યા; તે સર્વેએ એકત્ર થઈ પોતાની કુશાગ્ર બુદ્ધિદ્વારા સુક્ષ્મ વિ-વેચનપૂર્વક પ્રતિષ્ઠાનો શુભ અને મંગળમય દિવસ નિર્ણય કર્યો. કર્માશાહને તે દિવસ બતાવ્યો અને સર્વેએ શુભ આશિર્વાદ આપીને કહ્યું કે-હે તિર્થોદ્ધારક મહા-પુરૂષ ! સંવત ૧૫૮૭ ના વૈશાખ વદી છઠ્ઠ રવિવાર શ્રવણ નક્ષત્રના દિવસે જિનરાજ ની મૂર્ત્તિની પ્રતિષ્ઠાનું સર્વોત્તમ મુહૂર્ત છે, જે તમારા ઉદયને માટે થાઓ. કર્માશાહે તે વાક્યને હર્ષપૂર્વક મસ્તક ઉપર ચડાવી અને યથાયોગ્ય તે સર્વેનો પૂજન-સત્કાર કર્યો.

મુહૂર્તનો નિર્ણય થવાથી કુંકુમપત્રિકા લખીને હિંદુસ્થાનની ચારે દિશાઓના જૈનસંઘને આ પ્રતિષ્ઠા ઉપર આવવાને માટે આમંત્રણ મોકલ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આચાર્યશ્રી વિદ્યામંડનસૂરિને** આમંત્રણ કરવાને માટે કર્માશાહે પોતાના **મોટાભાઈ રત્નાશાહને** મોકલ્યા. કુંકુમપત્રિકા પહોંચવાથી અંગ, બંગ, કલિંગ, કાશ્મીર, જાલંધર, માળવ, લાટ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મગધ, મારવાડ, અને મેવાડ આદિ દરેક દેશમાંથી, **તેમજ** જ્યાં કે કર્માશાહે કોઈ સ્થળે આમંત્રણ મોકલ્યા શિવાય રહ્યાં હોય તેવા તમામ દેશમાંથી ચારે તરફથી સંઘ આવવા લાગ્યો. :અને મનુષ્યો ના ઝુંડના ઝુંડ **શત્રુંજય** ઉપર આવવા લાગ્યા.

રત્નાશાહ **વિદ્યામંડનસૂરિ** પાસે પહોંચ્યા અને હર્ષપૂર્વક નમસ્કાર તથા સ્તવના કરી ગીરીરાજની પ્રતિષ્ઠા ઉપર આવવા માટે સંઘ સહીત આમંત્રણ કર્યું, જેથી સૂરિજીએ કહ્યું કે, શત્રુંજયની યાત્રા માટે તો પ્રથમથીજ અમારૂં મન ઉત્કંઠીત થઈ રહેલું છે અને વળી તેમાં તમારૂં પ્રેમ પૂર્વક આમંત્રણ થયું છે તેટલા માટે અમારૂં તે તરફ આગમન થાય તેમાં કહેવાની વાત શી છે! એમ કહી **સૌભાગ્યરત્ન,** સૂરિઆદિ પોતાના વિસ્તૃત શિષ્ય પરિવારની સાથે સૂરિજીએ રત્નશાહની સાથે શત્રુંજયતરફ વિહાર કર્યો અને ત્યાંનો સ્થાનિક સંઘ પણ સૂરિજીની સાથે ચાલ્યો. અન્યાઅન્ય સંપ્રદાયના સેંકડો આચાર્યો, હજારો સાધુ સાધ્વીઓનો સમુદાય, **વિદ્યામંડનસૂરિના** સંઘમાં સામેલ થયો અને અનુક્રમે શત્રુંજય પહોંચ્યા.

**કર્માશાહ** ઘણા દુર સૂરિજીની સામે ગયા, અને ખુબ ધામધુમથી પ્રવેશ મહોત્સવ કરી સ્વાગત કર્યું. ગિરિરાજની તલાટીમાં સર્વેએ વાસસ્થાન કર્યું. અન્યાઅન્ય દેશ પ્રદેશથી પણ અગણિત મનુષ્યો પણ એવી રીતે ત્યાં પહોંચ્યા. જેમ જેમ જનસમુહની વૃદ્ધિ થતી હતી તેમ તેમ **કર્માશાહનું** ઉદાર હૃદય વિસ્તૃત થતું હતું. આવેલ સર્વ સંઘજનોને ખાનપાન મકાન, વસ્ત્ર સન્માન અને દાન આપી શક્તિમાન કર્માશાહે પોતાની ઉત્તમ સંઘભકિત પ્રગટ કરી. ગરીબથી મહાન શ્રીમંત સુધીના તમામ સંઘજનોની એક સરખી ભકિત કરી.

પ્રતિષ્ઠા મહોત્સવમાં સર્વે અધિકારી પોતપોતાના અધિકાર અનુસાર પ્રતિષ્ઠાની વિધિઓ કરવા લાગ્યા. વૈદ્યો, વૃદ્ધો, અને ભીલો આદિને પુછી પુછીને સર્વે પ્રકારની વનસ્પતિઓ અગણિત દ્રવ્ય ખરચી જુદા જુદા સ્થાનમાંથી મંગાવી. **શ્રી વિનયમંડન** પાઠકની સર્વ અવસર સાવધાનતા અને સર્વ કાર્યકુશળતા દેખીને પ્રતિષ્ઠા વિધિના કુલકાર્યનો મુખ્ય અધિકાર સર્વે આચાર્ય અને પ્રમુખ શ્રાવક એકત્ર થઇને તેમને સમર્પિત કર્યો. બાદ ગુરૂમહારાજના વચનથી પોતાના કુલગુરૂ આદિને યથેષ્ટ દાનદ્વારા સમ્યક્ ઉપાસના કરી અને સર્વની અનુમતિ મેળવી **કર્માશાહ** પોતાના વિધિ કૃત્યમાં દાખલ થયા.

જ્યારે જ્યારે **પાઠકજીએ** શાહને દ્રવ્ય વ્યય કરવાને માટે કહ્યું તે તે વખતે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદાર પુરૂષે મોટી ઉદારતા પૂર્વક ધનનો વ્યય કર્યો. કોઈ પણ મનુષ્ય તે વખતે એવો નહિ હતો કે જે **કર્માશાહ** પ્રતિ નારાજ કે ઉદાસી થાય. યાચક લોકોને પણ ઈચ્છિતથી અધિક દાન આપી તેમનું દારિદ્ર નષ્ટ કરતા હતા. ઠેકાણે ઠેકાણે બહુ મૂલ્ય અનેક મંડપો બનાવ્યા હતા. લોકોને એવો ભાસ થતો હતો કે આખું જગત મહોત્સવમય અત્યારે થઇ રહ્યું છે. જળયાત્રાના દિવસે જે મહોત્સવ **કર્માશાહે** કર્યો હતો તે દેખીને લોકો શાસ્ત્ર વર્ણીત ભરતાદિકના મહોત્સવોની કલ્પના કરતા હતા.

પ્રતિષ્ઠાના મુહૂર્તના દિવસે સ્નાત્ર પ્રમુખ સર્વ વિધિ થઇ રહી, અને જ્યારે લગ્ન સમય પ્રાપ્ત થયો ત્યારે સર્વત્ર મંગળધ્વનિ થવા લાગ્યો. સર્વ મનુષ્ય વિકથા વિગેરેનો ત્યાગ કરી પ્રસન્ન મનવાળા થયા. શ્રાદ્ધગણમાં ભક્તિનો અપૂર્વ ઉલ્લાસ ફેલાવા લાગ્યો. વિકસિત વદન અને પ્રફુલ્લિત નયનવાળી સ્ત્રીઓ મંગળગીત ગાવા લાગી, ખુબ જોરથી વાજીંત્ર વાગવા લાગ્યા. હજારો ભાવિક લોકો આનંદ અને ભક્તિને વશ થઇ નૃત્ય કરવા લાગ્યા. સર્વ મનુષ્ય એકજ દિશામાં એકજ વસ્તુ તરફ નિશ્ચલ નેત્રવડે દેખવા લાગ્યા, અનેક જનો હાથમાં ધુપદાન લઇને ધુપ ઉડાડવા લાગ્યા, કુંકુમ અને કર્પૂરનો મેઘ વરસાવવા લાગ્યા, બંદિજન અવિશ્રાંત રૂપથી બિરૂદાવળી બોલવા લાગ્યા. એવા મંગળમય સમયમાં ભગવન્ મૂર્ત્તિનું જે વખત દિવ્ય સ્વરૂપ દેખાવા લાગ્યું, ત્યારે **કર્માશાહની** પ્રાર્થનાથી અને જૈન પ્રજાની કલ્યાણ આકાંક્ષાથી રાગદ્વેષ વિમુક્ત થઇ શ્રી **વિદ્યામંડનસૂરિએ** સમગ્ર સૂરિવરોની અનુમતિ લઇ **શત્રુંજય** તિર્થપતિ **શ્રી આદિનાથ ભગવાનની** મંગળકર પ્રતિષ્ઠા કરી. તેમના બીજા શિષ્યોએ અન્ય જે સર્વ મૂર્ત્તિઓ હતી તેની પ્રતિષ્ઠા કરી. **વિદ્યામંડનસૂરિ** ઘણા નમ્ર અને લઘુભાવને ધારણ કરવાવાળા હોવાથી, આવા મહાન કાર્ય કરવા છતાં તેમણે કોઈ સ્થળે પોતાનું નામ લખાવ્યું નહિં. પ્રાયઃ તેમના બનાવેલા જેટલા સ્તવનો છે તેમાં પણ તેમણે પોતાનું નામ લખ્યું નથી. કોઇ મનુષ્યને તે કલ્યાણપ્રદ સમયમાં કોઈ પણ પ્રકારના કષ્ટનો લેશ માત્ર પણ અનુભવ થયો નહિ. પોતાના કાર્યમાં કૃતકૃત્ય થઇ જવાથી **કર્માશાહને** ચિત્તમાં આનંદનો આવેશ સમાવા લાગ્યો નહિં. અને પોતે પોતાને ધન્ય માનવા લાગ્યા. તે વખતે **ભગવાનની** મૂર્ત્તિ, તેમની પ્રતિષ્ઠા કર્નાર **વિદ્યામંડનસૂરિ** અને તિર્થોદ્ધારક પુણ્યપ્રભાવક **કર્માશાહ** ત્રણેને એક સાથે સર્વ લોક પુષ્પપુંજો અને અક્ષત સમુહથી વધાવવા લાગ્યા. હજારો મનુષ્યો સર્વ પ્રકારના આભૂષણોથી **કર્માશાહને** ન્યુંચ્છન કરી યાચકોને દેવા લાગ્યા. મંદિરના શિખર ઉપર સુવર્ણનો કળશ અને ધ્વજાદંડ કે જેમાં બહુજ મણી જડેલા હતા તે સ્થાપિત કર્યા. ત્યારબાદ સૂરિવરે **કર્માશાહના** લલાટ ઉપર પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથથી વિજયતિલકની પેઠે સંઘાધિપતિનું તિલક કર્યું અને ઇંદ્રમાળા પહેરાવી. મંદિરમાં નિરંતર કામમાં આવનાર આરતી, મંગળદીપક, છત્ર, ચામર, ચંદરવા, કળશ અને રથ વીગેરે સુવર્ણ અને ચાંદીની સર્વ વસ્તુ અનેક સંખ્યામાં ભેટ કરી. કેટલાક ગામ પણ તિર્થના નામ ઉપર ચઢાવ્યા. સૂર્યોદયથી લઇને સાયંકાળ સુધી **કર્માશાહનું** ભોજનગૃહ પણ સતત્ ખુલ્લું રહ્યું.

જેમાં જૈન અને અજૈન કોઇપણ મનુષ્યને માટે કોઇપણ પ્રકારનો પ્રતિબંધ હતો નહિ. સેંકડો હાથી, ઘોડા, રથ, સુવર્ણઆભરણોથી ભૂષિત કરીને અર્થીજનોને દીધા. જેમ જેમ યાચકગણ તેમની સામે યાચના કરતા હતા તેમ તેમ તેમનું ચિત્ત પ્રસન્ન થતું હતું, અર્થાત **કર્માશાહે** તમામ યાચકોની ઇચ્છા પણ પૂર્ણ કરી.

તદંતર જેટલા કારીગરો હતા, તે સર્વેને સૂવર્ણની યજ્ઞોપવિત, સુવર્ણમુદ્રા-બાજુબંધ કુંડલ, અને કંકણાદિ બહુ મુલ્ય આભરણ તથા ઉત્તમ વસ્ત્ર આપી સત્કાર કર્યો. પોતાના જેટલા સાધર્મી બંધુઓ હતા, તેમનો પણ યથાયોગ્ય ધન, વસ્ત્ર, અશન-પાન-વાહન, અને પ્રીય વચનદ્વારા **શાહે** પૂર્ણ સત્કાર કર્યો, મુમુક્ષુવર્ગ જેટલો હતો તેમનું વસ્ત્ર-પાત્ર અને પુસ્તકાદિ ધર્મોપકરણ પ્રદાન કરી અગણિત ધર્મલાભ પ્રાપ્ત કર્યો. શિવાય ત્યાંના કુલ મનુષ્યોને સંભારી સંભારી તે દાનવીર **શાહે** અન્ન-વસ્ત્ર, વિગેરેનું દાન આપીને સંતુષ્ટ કર્યા અને વિશાળ હૃદય અને ઉદારચિત્ત **શાહે** એ પ્રકારે સર્વેને સંતુષ્ટ કરી, પોતપોતાના દેશમાં જવાને માટે સર્વ મનુષ્યોને વિસર્જીત કર્યા. પોતે થોડા દિવસસુધી, અવશિષ્ટ કાર્યની સમાપ્તિ કરવાને માટે ત્યાં રહ્યા. જે ભગવાન પ્રતિમાના દર્શન કરવાને માટે પ્રત્યેક મનુષ્યને કર આપવો પડતો હતો, અને જેમાં માત્ર એકવાર ક્ષણમાત્ર દર્શન કરવા પડતાં હતાં, તે મૂર્ત્તિનાં પુણ્યશાળી **કર્માશાહે** પોતાના પાસેનું દ્રવ્ય રાજાને દઈ, લાખો કરોડો મનુષ્યોને વગર ખરચે મહિનાઓ તક પૂર્ણ શાંતિની સાથે પવિત્ર દર્શન કરાવ્યાં.

સુકર્મા સંઘપતિ **કર્માશાહ**ની આ પૂણ્ય રાશીનું કોણ વર્ણન કરી શકે તેમ છે? **શ્રી વિદ્યામંડનસૂરિ**ની આજ્ઞા મસ્તક ઉપર ધારણ કરીને તેમના શિષ્ય **વિવેકધીર** મુનીએ સંઘ નાયક **શ્રીકર્માશાહ**ના મહાન ઉદ્ધારની પ્રશસ્તિ બનાવી છે કે જે પ્રતિષ્ઠાને બીજે દિવસ એ પ્રબંધ રચ્યો છે, અને **વિનયમંડક** પાઠકની આજ્ઞાથી **સૌભાગ્યમંડન** નામના પંડિતે દશમને ગુરૂવારને દિવસ તેની પહેલી પ્રત લખી છે. શત્રુંજયના આ મહાન ઉદ્ધારના સમયે અનેક ગચ્છના અનેક આચાર્યો અને વિદ્વાન એકત્ર થયા હતા તે સર્વેએ મળીને વિચાર કર્યો કે, જેમ અન્ય અન્ય સ્થળોમાં મંદિર અને ઉપાશ્રયોના માલીક ભિન્ન ભિન્ન ગચ્છવાળા હોવાથી તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય ગચ્છવાળાને હસ્તક્ષેપ કરવા દેતા નહિ હોવાથી આ મહાન તિર્થ ઉપર ભવિષ્યમાં કોઇએક ગચ્છવાળા પોતાનું સ્વાતંત્ર્યપણું ન બનાવી રાખે, તેટલા માટે તે વિષે એક લેખ કરવો જોઇએ એમ વિચાર કરી સર્વ ગચ્છવાળા ધર્માધ્યક્ષોએ એક લેખ બનાવ્યો જે નીચે મુજબ છે.

૧ શ્રી તપાગચ્છનાયક **શ્રી હેમસોમસૂરિ** લિખિતમ્ યથા—શત્રુંજય તિર્થ ઉપરનો મૂળગઢ અને મૂળ શ્રી આદિશ્વર ભગવાનનું મંદિર, સમસ્ત જૈનોને માટે છે અને બાકી સર્વ દેવકુલીકા, ભિન્નભિન્ન ગચ્છવાળાની સમજવી. આ તિર્થ સર્વ જૈનોને માટે એક સરખું છે. એક વ્યક્તિ તેના ઉપર પોતાનો અધિકાર જમાવી શક્તિ નથી. યદિ કોઇ પોતાની માલીકી સાબીત કરવા ચાહે તો તે વિષયનો કોઇ પ્રમાણિક લેખ યા ગ્રંથાક્ષર દેખાડવો જોઇએ, અને તેમ કરવાથી અમે તેમની સત્યતાનો સ્વીકાર કરીશું. લખ્યું પંડિત **લક્ષ્મી કલ્લોલગણિએ.**

૨ તપાગચ્છીય કુતકપુરાશાખાનાયક **શ્રીવિમળહર્ષસૂરિ** લિખીતં યથા—(ઉપર પ્રમાણે) લખ્યું **ભાવસુંદરગણિએ.**

૩ શ્રી કમળ કળશસૂરિ ગચ્છના **રાજકમળસૂરિ**ના પટ્ટધર **કલ્યાણધર્મસૂરિ** લિખિતમ્ યથા—શત્રુંજયના બારામાં જે ઉપર લખ્યું છે તે અમારે માન્ય છે આ તિર્થ ચોરાશી ગચ્છોનું છે કોઇ એકનું નથી. લખ્યું કમળ કળશ **મુનિ ભાવરત્ને.**

૪ દેવાનંદગચ્છના હારિજશાખાના ભટ્ટારક **શ્રી મહેશ્વરસૂરિ** લિખિતમ્ યથા—ઉપર પ્રમાણે.

૫ શ્રી પૂર્ણીમાપક્ષના **અમરસુંદરસૂરિ** લિખિતમ્ (ઉપર પ્રમાણે)

૬ પાટડી ગચ્છીય શ્રી બ્રહ્માણ ગચ્છ નાયક ભટ્ટારક **બુદ્ધિસાગરસૂરિ** લિખિતમ્ (ઉપર પ્રમાણે)

૭ આંચલગચ્છીય, યતિ **તિલકગણિ** અને પંડિત **ગુણરાજગણિ** લિખિતમ્ (ઉપર પ્રમાણે)

૭ શ્રી વૃધિતપાગચ્છ પક્ષે **શ્રી વિનયરત્નસૂરિ** લિખિતમ્

૯ આગમપક્ષે શ્રી ધર્મરત્નસૂરિની આજ્ઞાથી **ઉપાધ્યાય હર્ષરત્ને** લખ્યું.

૧૦ પુર્ણીમાગચ્છના આચાર્ય શ્રી લલિતપ્રભની આજ્ઞાથી **વાચક વાછીકે** લખ્યું યથા—શત્રુંજયના મૂળ કિલ્લા—મૂલ મંદિર અને મૂળ પ્રતિમા સમસ્ત જૈનોને માટે વંદનીય અને પૂજનીક છે.

આ તિર્થ સમગ્ર જૈન સમુદાયની એકત્ર માલીકીનું છે. જે જે જિન પ્રતિમા માને છે અને પૂજે છે તે સર્વનો આ તિર્થ ઉપર એક સરખો હક્ક અને અધિકાર છે. શુભમ્ ભવતુ જૈન સંઘસ્ય.

**અનુવાદક—ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનુષ્યદેહનું કર્ત્તવ્ય.

( લે૦—માસ્તર કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. )

## દ્રુતવિલંબિત વૃત્ત.

શિશુપણું રમતે રમતે ગયું, ન નિજનું શુભ શ્રેય કશું થયું;
તરૂણતા વળિ છે બહુ આકરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
મદન તે સમયે તુજને દમે, મન સદા પરદાર વિષે રમે;
વિનય જાછ બધો જન વિસરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
ધન ધરા પરના હરવા ગમે, વિષયભોગ તણા સુખમાં રમે;
સુખદ શાંતિ કરી ખર તેં પરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
ઘડપણે તન જીર્ણ બધું થયું, સકળ ઈન્દ્રિયનું બળ તો ગયું;
તદપિ આશ ન જીર્ણ જરા કરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
મરણ ત્યાં તુજને ઝડપી ગયું, અરર! આમ વૃથા તન આ ગયું;
પ્રણયથી ન ભજ્યા કદિ તેં પ્રભુ, નહિ મળે નર દેહ ફરી ફરી.
કર થકી કરને શુભ કામને, નિશદિને રટને વિતરાગને;
કર વિચાર અરે! જન તું જરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
વચન સત્ય સદા વદ તું સુખે, ન કર હર્ષ કદી પરને દુઃખે;
સુખ લહે પરનું શુભ તું કરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
હરખ શોક તજી સુખ દુઃખને, કર વિચાર અહોનિશ તત્ત્વનો;
ન કર તું મદ યૌવનનો જરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
ધર ક્ષમા નય નીતિ અને દયા, નહિ મળે દિવસો કરથી ગયા;
દુર રહે બહુ દુર્ગુણથી ડરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
વરત સર્વ વિષે સમભાવથી, ભજ નિવૃત્તિ સદા બહુ ભાવથી;
ન કર દ્વેષ કદી પરનો જરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
કર નિરોધ સદા મનનો કળે, તન તણા છ રિપુ હણને બળે;
શમ દમાદિક વસ્ત્ર કરે ધરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
વિષયને વિષ તુલ્ય પછી ગણી, ન ધર આશ કદી જન તે તણી;
કર પ્રયત્ન ભવાબ્ધિ જવા તરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણિક છે જનનું તન આ અરે, તદપિ કેમ વિચાર ન તું કરે;
પળ અમૂલ્ય ગઇ ન મળે ફરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
ન પડ તું કર દીપ લઇ કુવે, નયન ભાઈ ઉઘાડ જરા હવે;
સુણી કુબેર તણી વિનતી જરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

## પૂજ્યપાદ શ્રીમાન્ વિજયાનંદ સૂરીશ્વરજી ( આત્મારામજી મહારાજના ) પરીવારના મુનિરાજોના ચાતુર્માસ.

—આચાર્ય મહારાજશ્રી ૧૦૮ શ્રી વિજયકમલસૂરિ, વ્યાખ્યાન વાચસ્પતિ મુનિશ્રી લબ્ધિવિજયજી, મુનિશ્રી ગંભીરવિજયજી આદિ બોરસદમાં ચોમાસું રહ્યા છે.

—ઉપાધ્યાય મહારાજશ્રી ૧૦૮ શ્રી વીરવિજયજી મહારાજ, પંન્યાસજી, શ્રી દાનવિજયજી મહારાજ, મુનિરાજ શંકરવિજયજી તથા મુનિરાજશ્રી મેરૂવિજયજી આદિ ખંભાતમાં ચોમાસું રહ્યા છે.

—પ્રવર્ત્તકજીમહારાજ શ્રી ૧૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજ, તથા મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિશ્રી લાભવિજયજી, લાવણ્યવિજયજી, પુણ્યવિજયજી આદિ વડોદરામાં ચોમાસું વ્યતિત કરશે.

—અમદાવાદ-પાંજરાપોળના ઉપાશ્રયમાં, મુનિમહારાજશ્રી ૧૦૮ શ્રી હંસવિજયજીમહારાજ, શ્રી પંન્યાસજી, સંપતવિજયજીમહારાજ, શ્રી સોમવિજયજી, શ્રી કુસુમવિજયજી, શ્રી ગુણવિજયજી, શ્રી વસંતવિજયજી, શ્રી કપૂરવિજયજી, શ્રી શંભુવિજયજી, શ્રી પ્રભાવિજયજી નવ સાધુનું ચોમાસું છે.

—અમદાવાદ—ઉજમફઇની ધર્મશાળા—રતનપોળના ઉપાશ્રયમાં—મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજ મુનિશ્રી મોતિવિજયજી, શ્રી વિવેકવિજયજી, શ્રી કીર્ત્તિવિજયજી શ્રી ઉત્તમવિજયજી, શ્રી લલિતવિજયજી, શ્રી નાયકવિજયજી, શ્રી કસ્તુરવિજયજી, શ્રી કીર્ત્તિવિજયજી, શ્રી વિજ્ઞાનવિજયજી, શ્રી તિલકવિજયજી, શ્રી વિદ્યાવિજયજી, શ્રી વિચારવિજયજી, શ્રી ઉદયવિજયજી ચઉદ સાધુનું ચોમાસું છે.

—મુનિરાજશ્રી ૧૦૮ શ્રી હીરવિજયજી, શ્રી સુમતિવિજયજી લુધીઆના-પંજાબમાં ચોમાસું કરશે.

—પંન્યાસજી શ્રી સોહનવિજયજી, શ્રી ઉમંગવિજયજી, શ્રી મિત્રવિજયજી, શ્રી સમુદ્રવિજયજી, શ્રી સાગરવિજયજી, શ્રી રવિવિજયજી છ સાધુ ઉદયપુર—મેવાડમાં ચોમાસું સમાપ્ત કરશે.

—મુનિરાજશ્રી ચંદનવિજયજી, શ્રી વિબુધવિજયજી, શ્રી વિચક્ષણવિજયજી, પંજાબ, અંબાલા સીટીમાં ચોમાસું રહ્યા છે.

—મુનિમહારાજશ્રી માનવિજયજી, શ્રીસંતોષવિજયજી ડભોડા—પ્રાંતીજલાઇન—ચોમાસું રહ્યાછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



—વ્યાખ્યાન સાહિત્યસંગ્રહના કર્તા મુનિશ્રી વિનયવિજયજી, શ્રી ચંદ્રવિજયજી, શ્રી ચંપકવિજયજી પેટલાદમાં ચોમાસું રહ્યા છે.

—મુનિરાજશ્રી ભક્તિવિજયજી તથા મુનિરાજશ્રી જશવિજયજી કોલીયાક ચોમાસું રહેલ છે.

—મુનિરાજશ્રી દોલતવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી ધર્મવિજયજી–શાહપુર (થાણા).

—મુનિરાજશ્રી જિનવિજયજીમહારાજ–પુના. ( ભારત જૈનવિદ્યાલય, ફરગ્યુશન કોલેજરોડ ).

—મુનિરાજશ્રી જયવિજયજીમહારાજ આદિ–ધ્રોળ.

—મુનિરાજશ્રી હેમવિજયજીમહારાજ આદિ–બોટાદ.

બીજા કોઇ મુનિમહારાજાઓ જે જે સ્થળે ચોમાસું રહેલા હોય તેના ખબર તેમજ આ સબંધી બીજી કોઇ હકીકત હોય તે અમોને લખી મોકલવા કૃપા કરવી, જેથી આવતા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

# ગ્રંથાવલોકન.

**શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાયટી-અંબાલાનો સં. ૧૯૧૭ નો વાર્ષિક રીપોર્ટ**—અમોને મળ્યો છે. આ સોસાયટીનો ઉદ્દેશ જૈન બંધુઓને જૈન ધર્મનો પરિચય કરાવવા સાથે જૈન ધર્મના સિદ્ધાંતોનો બોધ થઇ શકે તે માટે છે; જેને લઇને અત્યાર સુધીમાં જુદી જુદી જાતની ૫૬ બુકો પ્રસિદ્ધ કરેલ છે. તે તમામ હિંદિ ભાષામાં હોવાથી મારવાડ, બંગાળ અને ખાસ પંજાબના જૈન બંધુઓને તો આ ગ્રંથ પ્રસિદ્ધિ જૈન ધર્મનો બોધ પ્રાપ્ત કરવા ખાસ ઉપયોગી થઇ પડેલ છે. સોસાયટીનો આ પ્રયાસ અત્યુતમ છે, વળી રીપોર્ટ વાંચતાં તેમાં અત્યાર સુધીમાં જુદા જુદા ગામના મળી ૪૯૪ સભાસદો છે. જેથી તેમના કાર્ય વાહકોની કાર્યવાહી ઉત્તમ છે એમ દેખાય છે. કેટલાક મુનિમહારાજેની સહાનુભુતિ પણ સારી છે જેથી તેમના કાર્યને દરેક જૈન બંધુઓએ સહાય આપવાની જરૂર છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીએ.

**ધી જૈન એસોસીએશન ઓફ ઇંડીયાનો સં. ૧૯૭૩ ની સાલનો રીપોર્ટ**—અમોને અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે. દિવસાનુદિવસ જાગૃતિમાં આવતી અને જૈન પ્રજાની જરૂરીઆતો વિચારતી અને તેને અમલમાં લાવવા પ્રયત્ન કરતી આ સંસ્થાના કાર્યવાહકોને તેવા પ્રયત્ન માટે અમો ધન્યવાદ આપીયે છીયે. આ વર્ષમાં નવી ઉપાડેલી હીલચાલ મુંબઇમાં સસ્તા ભાડાની જૈનો માટે ચાલીઓ કરવાનું કાર્ય, કે જે પાર પડતાં તે આશીરવાદ સમાન થઇ પડશે. આ રીપોર્ટમાં તેને માટે આપેલ નકશા એસ્ટીમેટ વિગેરે તેને માટે કરેલો પ્રયાસ અતિ ઉત્તમ છે. આ સંસ્થાના આ કાર્યને દરેક શ્રીમંત જૈન બંધુઓએ મદદ આપવાની જરૂર છે, તે સાથે દરેક જૈનોએ યથાશકિત દરેક પ્રકારની આ સંસ્થાને મદદ આપવાની જરૂર છે. અમો તેમની ભવિષ્યમાં વધારે ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રીમન્ મુનિરાજશ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાયબ્રેરીનો તથા સંસ્કૃત પાઠશાળાનો ત્રણ વર્ષનો રીપોર્ટ**—અમોને અભિપ્રાય માટે મળેલો છે. ગુરૂ ભકિત નિમિત્તે જન્મ પામેલી આ સંસ્થા દિવસાનુદિવસ ઉન્નતિ પામતી જાય છે, તે તેના કાર્ય વાહકોનો શુભ પ્રયત્ન અને સતત લાગણીને આભારી છે. મુંબઇ જેવા સ્થળમાં આ લાયબ્રેરી અને સંસ્કૃત પાઠશાળાનો જન્મ આપી જૈનોની જરૂરીયાત પુરી પાડી છે તેટલુંજ નહી પરંતુ અજૈનો પણ લાઇબ્રેરીનો લાભ મેળવતાં હોવાથી તેઓની પણ પ્રશંસાપાત્ર નિવડેલ છે. આ ત્રણ વર્ષનો રીપોર્ટ જૈન અને જૈનેતર જાહેર સંસ્થાને ખાસ ઉપયોગી છે, કારણ કે તેમાં પુસ્તકાલય, તે સંબંધી દાન, તેની રચના અને મુંબઇ જેવા શહેરમાં જૈન કોમની સ્ત્રીઓને ઘેર બેઠા મફત વાંચન પુરૂ પાડવાની યોજનાને લગતા ધારા ધોરણો વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. એ રીપોર્ટ મંગાવી વાંચવા માટે ઉકત સંસ્થાના સેક્રેટરીઓ સુચના કરે છે. જેમ અગાઉ અમોએ આ જાહેર સંસ્થાને જાહેર લત્તા ઉપર લાવવાની સુચના કરવા સાથે તેના શ્રીમંત કાર્યવાહકો અને સભાસદો ઘરનું મકાન પણ કરશે એમ નમ્ર સુચના ટુંકમાં કરી હતી તેમ આવખતે પણ કરીયે છીયે. તેની દિવસાનુદિવસ આબાદી ઇચ્છીયે છીયે.

**શ્રી જીવ રક્ષા જ્ઞાન પ્રસારક ફંડ દક્ષીણ હૈદરાબાદ**—આ સંસ્થા તરફથી તેના સંક્ષિપ્ત વૃત્તાંતની એક બુક અમોને મળી છે. તે વાંચતાં માલમ પડે છે કે, દક્ષિણ પ્રદેશમાં દેવીઓના નામે દેવી મંદિરમાં નિરંતર નિર્દોષ પ્રાણીઓનાં ધર્મને નામે લોહી રેડાય છે–હિંસા થાય છે. તે અટકાવવા ભાષણો દ્વારા અને હિંદુ અને અંગ્રેજી વગેરે અનેક ભાષા દ્વારા પેંફ્લેટો છપાવી ઉકત સંસ્થા સારો પ્રયાસ કરે છે અને સાથે ઉત્તમ અને વિદ્વાન વકતાઓને ખાસ નિમંત્રી ધર્મ, વિજ્ઞાન અને આર્થિક દ્રષ્ટિએ પશુવધ કેટલો બધો હાનિકારક છે તે સમજાવવા આ સંસ્થા સારો પ્રયાસ કરે છે. આ સંસ્થાને ઉપરના કાર્યો માટે તેમજ તે સંબંધી ભાષણો કરવા માટે યોગ્ય સ્થળ નહીં હોવાથી એક લેકચર હોલ બંધાવવા માટે કેટલીક આર્થિક સહાયની જરૂર છે. તેવા જીવ રક્ષાના કાર્ય માટે દરેક બંધુઓએ તેને સહાય આપવાની જરૂર છે. તેમનો પ્રયાસ સ્તુત્ય અને ધન્યવાદને પાત્ર છે.

## પ્રકીર્ણ.

કોઇપણ કાર્યની બંને બાજુ તપાસ્યા વગર ખરેખરો ન્યાય આપી શકાતો નથી, તેમજ એક તરફી સાંભળી કે જાણી તેને માટે બોલવાથી કે તે પ્રગટ કરવાથી કેટલો કોલાહલ થાય છે અને સત્ય હકીકત બહાર આવતાં તેવું એક તરફી બોલનારને કે પ્રગટ કરનારને કેવું વિમાસવું પડે છે તેવું હાલમાં બનેલ છે. હકીકત એ છે જે તા. ૫–૩–૧૯૧૮ ના હિંદુસ્તાન પેપરના અંકમાં જૈન સાધુની ધર્માંધતા–દીક્ષાની ઘેલછા" નામનો લેખ પ્રસિદ્ધ થયો હતો અને તે સાથે દેશીમિત્ર કચ્છી જૈન મિત્ર વગેરેમાં પણ એક તરફી હકીકત પ્રગટ થઇ હતી, સાથે આર્ય પ્રકાશમાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે લેખ સાથે કેટલીક અસત્ય હકીકતો પ્રસિદ્ધ થયેલી છે. જે હકીકતો ખોટી હોવાથી ખરી બીના શું છે તે માટે કપડવંજના સંઘ તરફથી શેઠ શંકરલાલ વીરચંદનો એક પત્ર અને તેને માટે વધુ ખુલાસા માટે દિક્ષા લેનારના વડીલો વાડીલાલ ગીરધરલાલ અને ન્હાલચંદ કેવળદાસની સહીવાળો બીજો પત્ર એમ બે પત્રો અમોને નીચેની મતલબના મળ્યા છે તેથી ખરી હકીકત નીચે મુજબ છે.

દિક્ષા લેનારને દિક્ષા રાત્રિના આપી ભગાડી લઇ ગયા, સાધુઓ વચ્ચે ધમાધમી થઇ, કપડવંજમાં સાધુઓને પેસવા દેવા નહીં એવી પ્રતિજ્ઞા કરેલ છે. દિક્ષા લેનાર શરાફીની પેઢી છે. તેમની સ્ત્રી દિક્ષા લેનારને લઇ આવ વગેરે હકીકતો ઉપરના પેપરોમાં ખોટી રીતે પ્રગટ થઇ છે, પણ પરંતુ ખરી હકીકત તો ઉપર જણાવેલા ગૃહસ્થો અને કપડવંજના શ્રી સંઘ તરફથી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ નીચે પ્રમાણે છે.

" દિક્ષા લેનાર બાલાભાઇએ પરિપૂર્ણ વૈરાગ્યથી, પોતાની ઇચ્છાથી પોશ વદી ૬ના રોજ સવારના સાડા નવ વાગે દીક્ષા લીધી હતી. આ દિક્ષા લેનારની સ્ત્રીએ બે વર્ષ ઉપર દિક્ષા લીધેલી છે. તેમના કાકાએ ચોત્રીશ વર્ષની ઉમરે ચોથુ વ્રત લીધેલ છે એટલે તેના ઘરમાં સર્વને ધર્મની સારી લાગણી હોવાથી દીક્ષા લેનારે પોતાની મેળેજ બચપણમાં મળેલા ધર્મ સંસ્કારને લઇને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી દીક્ષા લીધેલી હતી. ઉક્ત પેપરોમાં લખવામાં આવ્યું છે કે મહારાજજીનું ચોમાસુ દીક્ષા લેનારે રૂા. ૫૦૦) ખરચી કરાવ્યું પરંતુ તે વાત ખોટી છે શ્રી સંઘે ચોમાસુ કરાવ્યું હતું. તેમની સરાફની પેઢી ચાલતી નથી પરંતુ કાપડની પેઢી ચાલે છેવગેરે ખરી હકીકતો છે. દીક્ષા લેનારની મરજી વિરૂદ્ધ તેના સગા વહાલા તે મોટી ઉમરનો છતાં હુઝત કરી તેમને પરાણે લઇ ગયા અને તે બદલ તેના વડીલ કાકાને થયેલ પશ્ચાતાપ માટે તે બાબતનો દીલગીરી બતાવનારો કાગળ લખેલો પણ મોજુદ છે.

વળી ત્યારબાદ મુનિમહારાજાઓને કપડવંજના સંઘ તરફથી કપડવંજ પધારવાની આગ્રહપૂર્વક વિનંતિ પણ આવી હતી. ઉપર પ્રમાણેની સત્ય હકીકતનો પત્ર ઉપર જણાવ્યા પ્રમાણે અમોને પત્રો મળેલ છે. આ ઉપરથી ખાત્રી થશે કે તે બાબતમાં પ્રથમ પ્રગટ થયેલી તે તે પેપરોની હકીકતો સત્યથી કેટલી વેગળી છે.

વડોદરામાં ચાર વર્ષ ઉપર થયેલ શ્રીમાન આત્મારામજી મહારાજના પરિવાર મંડળના સંમેલનમાં થયેલ ધારાઓમાં કોઇપણ " વ્યક્તિને ભગાડી દીક્ષા ન દેવી " એવી એક કલમ છે અને ત્યારબાદ આ પરિવારના મુનિઓ કેટલાક તો તેવા દીક્ષા લેનાર બંધુઓના નજીકના સંબંધીઓને દીક્ષાની મુદત પહેલાં રજીસ્ટર પત્રો લખી જાણ કરી રાજીખુશીથી દિક્ષા આપે છે. તેવા અત્યારસુધીના અનેક દાખલાઓ છતાં તે સમુદાયના એક પવિત્ર અને પરમપૂજ્ય મહાત્મા માટે " ભગાડી દિક્ષા દીધી " વગેરે તેનું એકતરફી માત્ર સાંભળીને, બીજી બાજુ તપાસ કર્યા સિવાય કાંઇ પણ પ્રગટ કરવું તેમજ તેવા મહાત્મા કે જેનું ચારિત્ર અત્યંત પ્રશંસાપાત્ર છતાં રાત્રિએ દિક્ષા આપી તેવા અયોગ્ય લખાણો ખરી હકીકત જાણ્યા વગર પ્રગટ કરવા, તે મહાપુરૂષોની તથા ધર્મની નિંદા હેલના કરવા, કરાવવા જેવું થાય છે. આવી હકીકતો પ્રગટ કરવા પહેલાં તે તે વ્યક્તિઓ, મુનિરાજો કે તે ગામના સંઘો વગેરેને લખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂછાવી, તપાસ કરી કરાવી પછી સત્ય હકીકત શું છે તે કરવા જેવી હોય તો પ્રગટ કરવી યોગ્ય ગણાય, નકામો કોલાહલ અને ખોટી નિંદા કરવાથી તેમજ લોકોને ખોટે રસ્તે દોરવવાથી કંઈ લાભ નથી. પરંતુ સત્ય હકીકત બહાર આવતાં આવું પ્રગટ કરનાર માટે લોકો શું વિચાર કરે તે વિચારવાનું છે. ( મળેલું. )

## એક ઉદાર નરરત્ન જૈનબંધુની મહાન સખાવત.

ત્રીજા વર્ષ ઉપર પરમપૂજ્ય શ્રીમાન **હંસવિજયજીમહારાજ** તથા શ્રીમદ્ **પંન્યાસજી-સંપતવિજયજીમહારાજ**નું ચોમાસું ઇંદોર શહેરમાં થયું હતું, જે વખતે તે મહાત્માના ઉપદેશથી ત્યાંના નિવાસી **શેઠ નથમલજી ગંભીરમલજી** વાળા **શ્રીયુત શેઠ બાલચંદજી**ભાઇએ એક ધાર્મિક સંસ્થા ખોલવા માટે રૂ. ૨૫૦૦૦) પચીસહજાર ખર્ચવા સ્વીકાર્યું છે. તેજ વખતે ઉક્ત શેઠ સાહેબે તેમણે અધિક ખર્ચવા કબુલ્યું હતું જેથી હાલમાં તેઓશ્રી સપરિવાર અમદાવાદમાં ઉક્ત મહાત્માઓના દર્શન કરવા પધાર્યા જેથી મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજને તેઓએ નિવેદન કર્યું કે રૂ. એકલાખ **મહીલાશ્રમ** ખોલવા માટે અમોએ કાઢ્યા છે. અને તેના માટે મકાન પણ અર્પણ કર્યું છે, વળી તેના વધારાના ખર્ચ તરીક એકલાખ ઉપરાંત દરમહીને પાંચશેંહ રૂપૈયા વીશ વર્ષ સુધી આપવા નક્કી કર્યું છે, તે સંસ્થાનું નામ **શ્રીમતી સુંદરબાઇ** મહીલાશ્રમ રાખ્યું છે. તેને માટે **હીરાચંદજીભાઇ** આદિ જૈનબંધુઓની એક કમીટી નીમી છે. જેથી આ કાર્ય જલદીથી શરૂ થશે.

ધન્ય છે આવા ઉદાર નરરત્નને કે જેણે પોતાને મળેલ લક્ષ્મીનું સાર્થક આવા સમાજની ઉન્નતિ કાર્યમાં ઉદારતા બતાવી કર્યુ છે. વર્તમાન સમયમાં જેની જરૂર હતી તે ખાતાનો જન્મ આપી કરેલી આ શુભ કાર્ય માટે અમો શેઠ બાલચંદજીભાઇને ધન્યવાદ આપીયે છીયે અને તેનું અનુકરણ કરવા બીજા શ્રીમંત જૈન બંધુઓને નમ્ર સુચના કરીએ છીએ.

## વર્તમાન સમાચાર.

**યોગોદ્વહન**—અમદાવાદમાં આજકાલ યોગોદ્વહનની ક્રિયા ચાલે છે લગભગ બાર–તેર સાધુ અને પચીસેક સાધ્વીઓ આ શુભ પ્રસંગમાં જોડાયેલ છે. સાધુઓમાં મુનિશ્રી કીર્તિવિજયજી, શ્રી લલિતવિજયજી, શ્રી કપુરવિજયજી જણ મહાનિશીથના જોગમાં છે; બીજા સાધુઓ કોઇ ઉત્તરાધ્યયનના, કોઇ આચારાંગના, કોઇ કલ્પસૂત્રના, કોઇ સૂયડાંગસૂત્રના અને કોઇ ઉપાંગસૂત્રના એમ જુદા જુદા યોગોદ્વહનમાં જોડાયા છે. સર્વને ક્રિયા વગેરે શ્રી ૧૦૮ શ્રી પરમોપકારી મુનિ મહારાજ શ્રી હંસવિજયજી મહારાજના પરમ ભક્ત શિષ્ય **પંન્યાસજી મહારાજ શ્રી સંપત્તવિજયજી** આનંદપૂર્વક કરાવે છે.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**—મુંબઇમાં રહી ભણતા વિદ્યાર્થીઓનું યુનીવર્સીટીની પરિક્ષાનું પરિણામ નીચે પ્રમાણે તે સંસ્થાના ઓ૦ સેક્રેટરી તરફથી પ્રસિદ્ધ કરવા અમોને મળ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બી. એમાં ૪, બી. કોમ ૧, ડોકટરી પ્રથમ વર્ષ ૩, સાયન્સ પ્રથમ વર્ષ ૨, ઇન્ટરઆર્ટસ તે લેખ, પી. ઇ. ૪, અને એનજીનીયરીંગ પ્રોફેશનરમાં ૨, મળી બાવીશ પાસ થયા છે. ડોકટરી ત્રીજા વર્ષમાં ૧ બેઠેલ છતાં પસાર થયો નથી તેમજ ઇન્ટરમાં ૯ બેઠેલા જેમાં ૬ પસાર થયા છે જેથી છવીશમાં બાવીશ વિદ્યાર્થી પસાર થયા છે. બી. એ અને ઇન્ટરમાં તબીયત બરાબર નહીં હોવાના સબબે એક એક વિદ્યાર્થી બેઠો નહીં, બાકીનાની આ વર્ષે પરિક્ષા નહોતી. આ વર્ષે કુલ ૩૬ વિદ્યાર્થીઓ હતા. એકંદર પરિણામ સારૂં આવ્યું છે.

**શ્રી પ્રવર્ત્તક પદવી (સુરતમાં)**—અષાડ શુદી ૨ ને બુધવારે સાડાનવ વાગે સુરત શહેરમાં શ્રી સંઘ તરફથી સ્વર્ગવાસી પૂજ્યપાદ શ્રી મોહનલાલજી મહારાજના શિષ્ય શ્રી કાંતિમુનિજીને પ્રવર્ત્તકજી પદવી આપી તેમને સંઘાડાના નાયક બનાવ્યા છે એમ અમોને ત્યાંના ગૃહસ્થો શેઠ બાલુભાઇ ગુલાબભાઇ નગરશેઠ, શેઠ ફકીરચંદ નાનચંદ અને શા. રાયચંદ અમીચંદ તરફથી ખબર મળ્યા છે.

**મ્હેસાણામાં જૈન પાઠશાળાનો ઇનામનો મેળાવડો**—એજ્યુકેશન બોર્ડના તરફથી લેવાયેલ ધાર્મિક પરિક્ષામાં પસાર થયેલ વિદ્યાર્થીઓને ઇનામ આપવાનો મેળાવડો રાણપુર નિવાસી શેઠ નાગરદાસ પુરૂષોતમદાસના પ્રમુખપણા નીચે તા. ૧૧-૭-૧૯૧૮ ના રોજ કરવામાં આવ્યો હતો. માસ્તર દુર્લભદાસ કાળીદાસે પરીક્ષાનું પરિણામ જણાવ્યું હતું. ઇનામ પ્રમુખસાહેબે વહેંચી આપ્યા બાદ બોલ્યા હતા કે આ પાઠશાળા ૩૫ થી ૪૫ ટકા જેટલો ઇનામનો હિસ્સો મેળવે છે તેનું કારણ તેના શિક્ષકો ખંતપૂર્વક અભ્યાસ કરાવે તે છે. આ શાળામાં ધાર્મિક સાથે થોડું વ્યવહારિક શિક્ષણ આપવાની જરૂર છે. માસ્તર વલ્લભદાસ પ્રમાણિકપણે વહીવટ કરે છે અને હિસાબની ચોખવટ સારી રાખે છે તે જોઇ સંતોષ થાય છે. બાદ પ્રમુખનો ઉપકાર માની મેળાવડો વિસર્જન થયો હતો.

---

## પુસ્તક પહોંચ.

૧ શ્રી દેવચંદ્રસૂરિ ભાગ ૧ લો. કિં. રૂ. ૨-૦-૦ વકીલ મોહનલાલ હીમચંદ પાદરા.
૨ ભજનપદ સંગ્રહ ભાગ ૮ મો. ૩-૦-૦ અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ મુંબઇ.
૩ શ્રી સંઘપ્રગતિ તથા જૈન ગીતા. ૧-૦-૦ ,,
૪ શ્રી સિદ્ધાચળનું વર્ણન ૦-૮-૦ બુકસેલર અમરચંદ બેચરદાસ પાલીતાણા.
૫ શ્રી જિનગુણ સ્તવનાવળી ભાગ ૨ જો. શા. રંગીલદાસ દેવચંદ ચેવલા.
૬ શ્રાવક ધર્મ ભાગ ૧ લો. શેઠ ભાયચંદ પરશોતમ કોલ્હાપુર.
૭ શ્રી ભાવનગર પાંજરાપોળનો સં. ૧૯૭૨-૭૩ નો રીપોર્ટ. ભાવનગર.
૮ શ્રી અધ્યાત્મ મહાવીર. શા. ગોકુળદાસ નાનજીભાઇ ગાંધી રાજકોટ.
૯ સર્વ પ્રાણીની સેવા ભાગ ૧ લો. ,,
૧૦ દેવદ્રવ્ય. શા. મોહનલાલ સાકરચંદ દસાડાવાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ક.

## થોડા વખતમાં નીચેના ‸ પ્રસિદ્ધ થશે.

૧ ધર્માભ્યુદય નાટક, સૂક્તમુક્તાવળી. ૦–૪–૦
૨ પંચનિગ્રંથી પ્રજ્ઞાપના તૃતીયપાદ–સંગ્રહણી સટીક. ૦–૪–૦
૩ રત્નશેખરી કથા. (પ્રાકૃત) ૦–૪–૦
૪ દાનપ્રદીપ. ૨–૦–૦
૫ બૃહત સંઘયણિ મોટી ટીકા. ૧-૧૨-૦
૬ શ્રાદ્ધવિધિ. ... ...
૭ ષડ્દર્શન સમુચ્ચય. ... ...

## છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.
૨ સત્તરિસય ઠાણ સટીક–શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૪ ચૈત્યવંદન મહાભાષ્ય.
૫ ધર્મપરીક્ષા. જામનગરવાળી બેન મણી ત.
૬ જૈન મેઘદૂત સટીક.
૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૮ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૯ દ્રૌપદી સ્વયંવર નાટક.

## છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.
૨ ષટ્સ્થાનક સટીક.
૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક.
૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.
૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.
૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.
૧૩ ધાતુ પારાયણ.

## આગમો છપાવવાની થયેલ યોજના.

१ अंतगडदशांगसूत्र सटीक.
२ अनुत्तरोववाईसूत्र सटीक.
३ उपासकदशांग सटीक.
४ नंदीसूत्र. श्रीहरिभद्रसूरिकृत टीका साथे

## શ્રી યશોવિજયજી જૈનગુરૂકુળ–પાલીતાણા.

### વિદ્યાર્થીઓને દાખલ થવા માટે જાહેર ખબર.

મજકુર ગુરૂકુળમાં હાલ નવા ૨૫ વિદ્યાર્થીઓ દાખલ કરવાના છે જે વિદ્યાર્થીઓ ગુજરાતી ત્રીજા ધોરણથી અંગ્રેજી બીજા ધોરણ સુધીના અભ્યાસવાળા હોય તેઓએ અરજીના ફોર્મ મંગાવી અરજી કરવી. કમિટી તુરતમાં મળવાની છે માટે તાકીદે લખો—

લી૦ સેક્રેટરી,
શ્રી. ય. જૈનગુરૂકુળ–પાલીતાણા.

For Private And Personal Use Only

# શ્રીભગવતી સૂત્ર. ( પ્રથમગુચ્છ )

રૂા. ૨-૮-૦ ટપાલખર્ચ જુદું.

[illegible]ન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આ[illegible] ઇમારત સૂત્રોના પાયા ઉપર જ રચાણી છે. ભગવાન્ શ્રી જિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીરપ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમૂલ્ય શિક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે. સાંપ્રતકાલે જૈનોના પીસ્તાલીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે ભગવતી સૂત્રની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્ત્વોનું યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આવશ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાંથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્ત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે. આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેમાં જીવે પોતે કરેલા દુઃખને વેદના સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશનો છે; જેમાં જીવે કરેલાં કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો પ્રકૃતિનો ઉદ્દેશ છે; જેમાં કર્મની પ્રકૃતિ-ભેદના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ પૃથ્વી સંબંધી છે, જેમાં "પૃથ્વીઓ કેટલી છે?" એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠ્ઠો યાવત્ ઉદ્દેશ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે સૂર્ય રહેલો છે, તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉત્પન્ન થતાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમા બાલ નામના ઉદ્દેશમાં "મનુષ્ય એકાંત બાલક છે કે કેમ?" એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા ગુરુત્વના ઉદ્દેશમાં "જીવો કેવી રીતે ગુરૂત્વ-ભારેપણાને પામે છે?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમા ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, તે અચલિત છે. ચાલતું નથી. ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**પુરૂષોત્તમ ગીગાભાઇ શાહ ભાવનગર.**

Registered No. B. 431